




# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 111 | AD - 2025, Paush Vad- 10 | Friday, Dt.24-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00







### ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ પોલિસી ફોરમની બેઠક પણ ટૂંક સમયમાં યોજાવાની છે ત્યારે

# રાષ્ટ્રપતિ ટ્રમ્પ ભારતીય માલ પર ટેરિફ લાદે તેવી સંભાવના

નવીદિલ્હી,તા.૨૩

ડોનાલ્ડ ટ્રમ્પ ખુરશી પર બેસતાની સાથે જ બદલાયેલા દેખાવા લાગ્યા છે. પહેલા એવું માનવામાં આવતું હતું કે તે ફક્ત ચીન અને કેટલાક અન્ય દેશો માટે જ ટેરિફ વોલ બનાવશે. પણ હવે દ્રશ્ય બદલાઈ ગયું છે. ભારત પણ આનો શિકાર બને તેવો ભય છે. મોદી સરકારે નવા અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પની વેપાર નીતિઓમાં સંભવિત ફેરફારો માટે તૈયારી શરૂ કરી દીધી છે. આ ફેરફારોમાં અમેરિકા દ્વારા ભારતીય માલ પર નવા ટેરિફ લાદવાની શક્યતાનો પણ સમાવેશ થાય છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે આ સંદર્ભમાં વિવિધ મંત્રાલયો સાથે વાતચીત શરૂ કરી છે. હકીકતમાં, ટ્રમ્પે તેમના વાણિજ્ય અને નાણાં વિભાગોને અમેરિકાની વધતી જતી વેપાર ખાધ પાછળના કારણોની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ પછી ભારત સરકાર હરકતમાં આવી છે. ટ્રમ્પે વિદેશી સરકારો પાસેથી ટેરિફ વસૂલવા માટે એક નવી બાહ્ય મહેસૂલ સેવા બનાવવાની જાહેરાત કરી છે. ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ પોલિસી ફોરમની બેઠક પણ ટૂંક સમયમાં યોજાવાની છે. આ બેઠકમાં આ ફેરફારોની ચર્ચા થવાની અપેક્ષા છે. ભારત સરકાર અમેરિકાની નવી નીતિઓનો અભ્યાસ કરી રહી છે. તેમની સાથે વ્યવહાર કરવા માટે વ્યૂહરચના પણ બનાવવામાં આવી રહી છે. અમેરિકા ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર છે. પરંતુ, ભારતનો અમેરિકા સાથે વેપાર સરપ્લસ છે જે અમેરિકા માટે ચિંતાનો



વિષય બની શકે છે. ટ્રમ્પ અગાઉ ભારત પર સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ લાદી ચૂક્યા છે. તેમણે ભારતના ઊંચા ટેરિફની પણ ટીકા કરી છે. એક અખબારે એક સરકારી અધિકારીને ટાંકીને જણાવ્યું છે કે આ મુદ્દા અંગે વિવિધ મંત્રાલયોને જાણ કરવા માટે આંતરિક ચર્ચાઓ ચાલી રહી છે. સરકાર 'અમેરિકા ફર્સ્ટ ટ્રેડ પોલિસી' મેમોરેન્ડમનો અભ્યાસ કરી રહી છે. આ પછી જ આગળની કાર્યવાહીનો નિર્ણય લેવામાં આવશે. આ મેમોરેન્ડમ હાલમાં યુએસ વિભાગોને આગામી અઢી મહિનામાં વેપાર ખાધના સંભવિત કારણોની તપાસ કરવાનો નિર્દેશ આપે છે. અધિકારીએ જણાવ્યું હતું કે અમેરિકા સાથે ટ્રેડ પોલિસી ફોરમની બેઠક યોજાવાની છે. ટીપીએફ એ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર અને રોકાણના મુદ્દાઓની ચર્ચા અને ઉકેલ માટેનું એક મંચ છે. તે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વેપાર સંબંધોનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આગામી ટીપીએફ બેઠક અંગે પણ ચિંતાઓ છે કારણ કે ટ્રમ્પે યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવને હાલના યુએસ વેપાર કરારો અને પ્રાદેશિક વેપાર કરારોની સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો છે. મુક્ત વેપાર કરાર ધરાવતા દેશો સાથે પારસ્પરિક અને પરસ્પર ફાયદાકારક છૂટછાટોના સામાન્ય સ્તરને પ્રાપ્ત કરવા માટે તેમને યોગ્ય પગલાં લેવા કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત, ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા અને જાપાન સહિત ૧૨ અન્ય સભ્યોએ ઈન્ડો-પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક પર હસ્તાક્ષર કર્યા છે. આ એક પ્રાદેશિક કરાર છે જે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં આર્થિક એકીકરણ અને સહયોગ વધારવા માટે છે. અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. આ નાણાકીય વર્ષમાં તેનો દ્વિપક્ષીય વેપાર આશરે ૧૨૦ બિલિયન સુધી પહોંચવાની ધારણા છે. જોકે, ચીનથી વિપરીત, ભારતનો અમેરિકા સાથે અનુકૂળ વેપાર સંબંધ છે, જે તેને અમેરિકાના વિદેશી હૂંડિયામણનો એક મહત્વપૂર્ણ સ્રોત બનાવે છે.






# ખુલાસો : પુષ્પક એક્સપ્રેસમાં આગ લાગવાની અફવા ચા વાળાએ ફેલાવી હતી

જલગાંવ,તા.૨૩

મહારાષ્ટ્રના જલગાંવમાં બુધવારે સાંજે ૪:૪૨ વાગ્યે એક મોટો ટ્રેન અકસ્માત થયો હતો. અહીં, પચોરા સ્ટેશન પાસે માહેજી અને પરધાડે વચ્ચે પુષ્પક એક્સપ્રેસમાં આગ લાગવાની અફવા ફેલાઈ હતી. આ દરમિયાન એક મુસાફરે ચેઈન ખેંચી હતી. ટ્રેન ઉભી



રહી ગઈ અને ગભરાયેલા મુસાફરો બહાર કૂદી પડ્યા. આ દરમિયાન, બીજા ટ્રેક પર આવી રહેલી કર્ણાટક એક્સપ્રેસે ઘણા મુસાફરોને કચડી નાખ્યા હતા. દુર્ઘટના સમયે ટ્રેનમાં હાજર એક મુસાફરે જણાવ્યું કે ટ્રેનમાં આગની અફવા એક ચા વેચનારે ફેલાવી હતી. અકસ્માતને નજરે જોનારે જણાવ્યું કે એક ચા વેચવાવાળાએ ટ્રેનમાં આગ લાગી હોવાની અફવા ફેલાવી હતી. આ પછી ટ્રેનની અંદર અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. તે ચાવાળાએ પોતે જ ચેન ખેંચી હતી. જ્યારે ટ્રેન ધીમી થવા લાગી ત્યારે મુસાફરો પોતાનો જીવ બચાવવા માટે ટ્રેનમાંથી કૂદવા લાગ્યા હતા. જલગાંવ કલેક્ટર ઓફિસના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં ૧૩ લોકોના મોત થયા છે. જેમાંથી ૭ લોકોની ઓળખ થઈ ગઈ છે. ૬ લોકોની ઓળખ થઈ નથી, જેમાં ૪ પુરુષો અને ૨ મહિલાઓનો સમાવેશ થાય છે. ૧૦ ઘાયલોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સેન્ટ્રલ રેલ્વેના ભુસાવલ ડિવિઝનના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે જે જગ્યાએ ઘટના બની ત્યાં એક શાર્પ ટર્ન હતો. આ કારણે, બીજા ટ્રેક પર બેઠેલા મુસાફરોને ટ્રેન આવી તે ખ્યાલ ના રહ્યો. આ જ કારણ હતું કે કર્ણાટક એક્સપ્રેસ દ્વારા આટલી મોટી સંખ્યામાં લોકો કચડાઈ ગયા. સેન્ટ્રલ રેલ્વેના સીપીઆરઓ સ્વપ્નિલ નીલાએ જણાવ્યું હતું કે, ઘટનાસ્થળ મુંબઈથી ૪૦૦ કિમી દૂર છે.
















## જલગાંવ ટ્રેન અકસ્માત પર પીએમ મોદીએ શોક વ્યક્ત કર્યો

મહારાષ્ટ્રના જલગાંવમાં થયેલા ટ્રેન અકસ્માતમાં એક ડઝનથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ અકસ્માતથી બધા આઘાતમાં છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. તમને જણાવી દઈએ કે જલગાંવ જિલ્લામાં લખનૌ-મુંબઈ પુષ્પક એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગવાની અફવાને કારણે ઘણા મુસાફરો ટ્રેનમાંથી કૂદી પડ્યા હતા. આ દરમિયાન, બીજી બાજુથી આવતી એક ટ્રેને આ મુસાફરોને કચડી નાખ્યા. હવે સરકારે મૃતકો અને ઘાયલો માટે વળતરની જાહેરાત કરી છે. પીએમ મોદીએ જલગાંવ ટ્રેન અકસ્માત અંગે X પર પોસ્ટ કરી છે. તેમણે લખ્યું- "મહારાષ્ટ્રના જલગાંવમાં રેલ્વે ટ્રેક પર થયેલા દુઃખદ અકસ્માતથી હું દુઃખી છું. હું શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું અને તમામ ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરું છું. અધિકારીઓ અસરગ્રસ્ત લોકોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડી રહ્યા છે."




સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા. ૨૪-૦૧-૨૦૨૫

# અમરેલીમાં ફરી ઠંડા પવનો ફૂંકાવાનું શરૂ, લોકો ઠુંઠવાયા



અમરેલી,તા.૨૩

અમરેલી પંથકમાં શિયાળાની સિઝને જોરદાર એન્ટ્રી કરી છે. એક જ રાતમાં લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ગઈકાલે ૧૬ ડિગ્રી સેલ્સિયસ રહેલું લઘુત્તમ તાપમાન ૩ ડિગ્રી ગગડીને ૧૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. પૂર્વ દિશામાંથી ફૂંકાઈ રહેલા ૧૪ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપના હિમભર્યા પવનોએ સમગ્ર વિસ્તારમાં ઠંડીનો માહોલ સર્જ્યો છે. આ કારણે શહેરીજનોએ ગરમ વસ્ત્રો સાથે જ ઘરની બહાર નીકળવું પડ્યું હતું. વહેલી સવારથી જ કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો હતો અને આખો દિવસ ઠંડા પવનોનું જોર યથાવત રહ્યું હતું. રાત્રીના સમયે અને વહેલી સવારના ઠંડા પવનોએ લોકોને રીતસરના ધ્રુજાવી નાખ્યા હતા. છેલ્લાં ચાર દિવસ તાપમાનનો પારો ઉંચકાતા લોકોને ઠંડીમાંથી રાહત મળી હતી જો કે ગઈકાલથી જ ફરી ઠંઠા પવનો ફૂંકાવાના શરૂ થયા છે.

# બાબરાના વિકાસ કાર્યો મુદ્દે મીડિયામાં ચમકવા લોકો ગેરસમજ ફેલાવે છે : ભાજપ

બાબરા, તા.૨૩

બાબરા પંથકમાં કેટલાક લોકો મીડિયામાં ચમકવા બાબરાથી ગોડલ હાઈવે અને ચમારડી સહિતના ગામોના રસ્તાની સ્થિતિ અંગે વિરોધ કરી રહ્યા છે તેવો દાવો શાસક પક્ષ દ્વારા કરવામાં આવ્યો છે. આ અંગે પક્ષના જણાવ્યા મુજબ વાસ્તવિકતા એ છે કે સરકારે આ રસ્તાઓ માટે ગ્રાન્ટ ફાળવી છે અને તેની મંજૂરી પણ મળી ગઈ છે. બાબરા પંથકમાં વિવિધ રસ્તાઓની સ્થિતિ અંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સરકારમાં રજૂઆત કરતા કરોડો રૂપિયાના વિકાસના કામો કરવામાં આવ્યા છે. આ વિસ્તારના જિલ્લા પંચાયતના સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, પ્રભાતભાઈ ડી. કોઠીવાળ, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણી, બાબરા નગરપાલિકાના પ્રમુખ પ્રવીણભાઈ કરકર, તાલુકા ભાજપ મહામંત્રી રાજેશભાઈ વિરોજા, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા વગેરેએ બાબરા પંથકના લોકોને જણાવ્યું હતું કે, બાબરા પંથકમાં રસ્તા, નાળા-પુલીયા અંગેના કામો, આરોગ્ય સબ સેન્ટરો, તાલુકા પંચાયતના નવા બિલ્ડીંગ, નગરપાલિકાના નવી બિલ્ડીંગ સહિત વિકાસના અનેક કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે.

# અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવન શાળામાં સુભાષચન્દ્ર બોઝના જન્મ દિનની ઉજવણી



અમરેલી, તા.૨૩

શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલીમાં શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ દ્વારા નેતાજીનો જન્મદિવસ - પરાક્રમ દિવસ તરીકે ખુબ જ ઉમંગ અને ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો. શાળાના શિક્ષક દ્વારા સુભાષચન્દ્રના જીવન અને દેશભાવના વ્યક્ત કરતા પ્રસંગોને યાદ કરવામાં આવ્યા હતા.

# સાવરકુંડલા એસ.ટી. ડેપોમાં માર્ગ સુરક્ષા સપ્તાહની ઉજવણી



સાવરકુંડલા, તા.૨૩

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ૨૪મા માર્ગ સુરક્ષા સપ્તાહ અંતર્ગત સાવરકુંડલા એસ.ટી. ડેપો ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા એસ.ટી. ડેપો મેનેજર વિમલભાઈ નથવાણી અને સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં અકસ્માતોને રોકવા માટેના સાવચેતીના પગલાં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને એસ.ટી.ના કર્મચારીઓને બસ નિયમિત ગતિમાં ચલાવવા અને ટ્રાફિકના નિયમોનું ચુસ્ત પાલન કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં એસ.ટી.ના ડ્રાયવરો, કંડક્ટરો, હેલ્પરો અને વોચમેનો સહિત મોટી સંખ્યામાં કર્મચારીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ટ્રાફિક ઈન્સ્પેક્ટર પુનિતભાઈ જોશી, હેડ મિકેનિક એલ.કે. પરમાર, મુકેશગીરી ગોસ્વામી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં શ્રી હનુમાન ચાલીસા પાઠ અને હનુમાન ચરિત્ર સભા યોજાઈ



સાવરકુંડલા, તા.૨૩

સા.કુંડલામાં તા.૨૨ ના રોજ રાત્રિના ૮:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી, સાવરકુંડલા પટેલ જ્ઞાતિ વાડીમાં શ્રી હનુમાન ચાલીસા પાઠ અને હનુમાન ચરિત્ર સભા યોજાઈ હતી. વક્તા હરિપ્રકાશદાસજી સ્વામીએ સાવરકુંડલાની ધરતી પર હનુમાન ચાલીસાના પાઠ અને હનુમાન વિશે સત્સંગ કરાવ્યો હતો.

# ધારીની વીપીજી ગર્લ્સ હાઈસ્કૂલના ક્લાર્ક નાજાભાઈ વાળાનું મરણોત્તર સન્માન



ધારી, તા.૨૩

ધારીની વીપીજી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ફરજ બજાવતા સિનિયર ક્લાર્ક નાજાભાઈ દેવજીભાઈ વાળાનું મરણોત્તર સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય સંજય પરમારે નાજાભાઈની સારી કામગીરીને યાદ કરી હતી. આ ઉપરાંત આચાર્ય દ્વારા નાજાભાઈના પુત્ર સંજય વાળા જે ધારી પત્રકાર સંઘના પ્રમુખ પણ છે તેમનું પણ સ્કૂલમાં સન્માન કરવામાં આવ્યું હતું અને નાજાભાઈનું સન્માન પત્રક એનાયત કરવામાં આવ્યું હતું. આ તકે ધારીના બજરંગ ગ્રુપના પ્રમુખ પરેશ પટણી, સિનિયર પત્રકાર જીગ્નેશભાઈ ગોસાઈ, વીએનએમ ચેનલના બ્યુરો ચીફ મેહુલ ત્રિવેદી, પત્રકાર સંઘના નિજાર ચાવડા, વી.ડી. દાફડા સહિતના લોકો હાજર રહ્યા હતા.

# જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૯ અને ૧૧ની પ્રવેશ પરીક્ષા ૮ ફેબ્રુઆરીએ

**ઓનલાઈન એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવાની સૂચના અપાઈ**

અમરેલી, તા.૨૩

જવાહર નવોદય વિદ્યાલયે ધોરણ ૯ અને ૧૧ માટેની પ્રવેશ પરીક્ષાની તારીખ જાહેર કરી છે. પરીક્ષા ૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે મોટા ભંડારિયા ખાતે યોજાશે. ઉમેદવારોને cbseitms.nic.in વેબસાઈટ પર જઈ, નોંધણી નંબર અને જન્મ તારીખ ભરીને ઓનલાઈન એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવાની સૂચના આપવામાં આવી છે. અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, મુખ્ય શિક્ષકો અને આચાર્યોને આ માહિતી શેર કરવા વિનંતી કરવામાં આવી છે.

# ગોપાલગ્રામ જવાનો માર્ગ અતિ બિસ્માર હાલતમાં : વાહનચાલકોને ભારે હાલાકી

**માર્ગનું સમારકામ કરવા ગ્રામજનોએ તંત્ર સમક્ષ માંગ કરી**



તસવીર : હસુભાઈ રાવલ

બાબાપુર, તા.૨૩

અમરેલી તાલુકાના બાબાપુર ગામથી ધારી તાલુકાના ગોપાલગ્રામ ગામ સુધીનો માર્ગ બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો તોબા પોકારી ઉઠયા છે. બાબાપુર ગામથી ગોપાલગ્રામ સુધી છેલ્લા ઘણાં સમયથી માર્ગ મગરની પીઠ સમાન બની ગયો હોવાથી વાહનચાલકોને વાહન ક્યાં ચલાવવું તે પ્રશ્ન થઈ પડયો છે. આ માર્ગ રીપેર કરવા માટે જવાબદાર તંત્રને અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. માર્ગને કારણે વાહનચાલકોને અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે. ત્યારે કોઈ ગંભીર અકસ્માત થાય તે પહેલા માર્ગનું સમારકામ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# એચ.બી. સંઘવી કોલેજ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન



રાજુલા, તા.૨૩

એચ.બી. સંઘવી મહિલા આટ્ર્સ તથા કોમર્સ કોલેજ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મતદાન જાગૃતિ નિબંધ સ્પર્ધા તથા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ હતું. જેમાં વિજેતા થયેલ વિદ્યાર્થિની બહેનોને મહેમાનો તથા ટ્રસ્ટીના વરદ હસ્તે ઈનામ વિતરણ કરી મતદાન જાગૃતિનો ઉદ્દેશ્ય સિદ્ધ કરવામાં આવ્યો હતો. આ તકે સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, કેમ્પસ ડાયરેકટર ડો. જીજ્ઞેશભાઈ વાજા તથા પ્રિન્સીપાલ ડૉ.રીટાબેન રાવળે તમામ સ્પર્ધકો તથા વિજેતા બહેનોને અભિનંદન પાઠવેલ હતા. ત્યારબાદ કાર્યક્રમની આભાર વિધિ પ્રો.નેહાબેન દરજીએ કરેલ હતી. કોલેજનાં તમામ પ્રાધ્યાપકોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# લીલીયા મોટા તાલુકા પંચાયતમાં કારોબારી ચેરમેનની વરણી કરાઈ



લીલીયા,તા.૨૩

લીલીયા મોટા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્યના અધ્યક્ષ સ્થાને કારોબારી સમિતિની બેઠક બોલાવવામાં આવેલ જેમાં તાલુકા પંચાયત કારોબારીના ચેરમેન તરીકે રાશિભાઈ ડેરની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. આ તકે વિપુલભાઈ દુધાત જિલ્લા પંચાયત સદસ્ય, ભીખાભાઈ ધોરાજીયા ભાજપ અગ્રણી, કાનજીભાઈ નાકરાણી, ભનુભાઈ ડાભી, લીલીયા સરપંચ જીવનભાઈ વોરા, આનંદ ધાનાણી, ઘનશ્યામભાઈ મેઘાણી, શ્વેતાબેન હેલૈયા, જયસુખભાઈ સુરાણી, વાલજીભાઈ માંડણકા, ભરતભાઈ ઠુંમર, મનુભાઈ ડેર, બાલાભાઈ ભરવાડ, તુષાર ધોરાજીયા દ્વારા રાશિભાઈ ડેરને શુભકામનાઓ આપી મોં મીઠા કરી પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યો હતો.









# અમરેલીના ગાવડકા ગામે સત્સંગ હોલનું લોકાર્પણ કરતા ધારાસભ્ય કૌશિક વેકરીયા

**૧.૧૦ કરોડના ખર્ચે તૈયાર થનાર બ્રીજનું ખાતમુહૂર્ત કરાયું**



અમરેલી, તા.૨૩

રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોની સુવિધા વધે તે માટે સતત પ્રયત્નશીલ છે. અમરેલી વિધાનસભાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા પોતાના મત વિસ્તારમાં વિકાસના કામોને વેગ મળે તે માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે. પોતાના મત વિસ્તારમાં વિકાસના કામો વધુ થાય તે માટે ધારાસભ્ય રાજ્ય સરકારમાં રજૂઆત કરતા રહે છે. ધારાસભ્યની રજૂઆતને ધ્યાનમાં લઈ રાજ્ય સરકાર દ્વારા અમરેલીના ગાવડકા ગામે ગ્રાન્ટ ફાળવી છે. જેમાં કથા માટે ઉપયોગી એવા ગોપી સત્સંગ હોલનું ધારાસભ્યએ લોકોર્પણ કર્યું હતું. તેમજ આગામી દિવસોમાં રૂ.૧.૧૦ કરોડના ખર્ચે તૈયાર થનાર બ્રીજ અને ૧૫ લાખના ખર્ચે તૈયાર થનાર ચેકડેમનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય દ્વારા બાબાપુર ગામે વિકાસલક્ષી કામોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# લીલીયાના પૂંજાપાદર ગામે દીપડાએ હુમલો કરતા ૧૬ ઘેટા-બકરાના મોત

**દીપડાના હુમલાથી ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો**



અમરેલી,તા.૨૩

લીલીયા તાલુકાના પૂંજાપાદર ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગામના માલધારી ગોવિંદભાઈ રામાભાઈ રાતડીયાના ઘેટા-બકરાના વાડામાં રાત્રે દીપડો ત્રાટક્યો હતો. દીપડાના અચાનક હુમલાથી વાડામાં રહેલા પશુઓમાં નાસભાગ મચી ગઈ હતી. આ હુમલામાં ૧૬ ઘેટા-બકરાના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા, જ્યારે અન્ય ૭ પશુઓને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં લીલીયા રેન્જની વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. વન વિભાગે પંચનામાની કાર્યવાહી હાથ ધરી છે અને દીપડાનું લોકેશન શોધવા માટે સ્કેનિંગની કામગીરી શરૂ કરી છે. વિભાગ દ્વારા આ વિસ્તારમાં પાંજરા મૂકવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. સરકારના નિયમ મુજબ માલધારી પરિવારને મૃત પશુઓનું વળતર ચૂકવવામાં આવશે. ગ્રામજનોએ દીપડાને પકડીને અન્યત્ર ખસેડવાની માંગણી કરી છે.

# સાવરકુંડલામાં આપાલાખાની જગ્યામાં બટુક ભોજન અને સંતવાણીનો કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા તા.૨૩



સાવરકુંડલા શહેરની નાવલી નદી કાંઠે આવેલ સંત શિરોમણી આપાલાખાની જગ્યામાં બટુક ભોજન અને સંતવાણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ બટુક ભોજનની પરંપરા સંત આપાલાખાના સમયથી ચાલી આવે છે. દર મહિનાની સાતમે બટુક ભોજનનું આયોજન કરવામાં આવે છે તેમજ રાત્રે સંતવાણીનો કાર્યક્રમ યોજાય છે તેમ નાનજી ભગતની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# બગસરા તાલુકા-શહેર ભાજપ દ્વારા ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો

**તાલુકા અને શહેર ભાજપના આગેવાનોની ઉપસ્થિતિ**



અમરેલી, તા.૨૩

બગસરા તાલુકા અને શહેર ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત અનુસૂચિત જાતિ છાત્રાલયમાં પત્રિકા વિતરણ તેમજ ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો હતો. પત્રિકા વિતરણ અને ગોષ્ઠી કાર્યક્રમમાં જિલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ મહીડા, જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ રંજનબેન ગાહિલ, તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણી, એ.વી. રીબડીયા, મુળજીભાઈ મહીડા, મુકેશભાઈ પ્રજાપતિ, વિપુલ ભેંસાણીયા, જયેશભાઈ પંડયા સહિત તાલુકા અને શહેર ભાજપના કાર્યકરો હાજર રહ્યા હતા.

# બાબરાના ધરાઈ ગામે શ્રી બાલમુકુન્દ પ્રભુની હવેલીમાં મનોરથ યોજાશે

બાબરા, તા.૨૩



અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામમાં આશરે ૩૫૦ વર્ષથી બિરાજમાન વૈષ્ણવ સંપ્રદાય પ્રસિદ્ધ પુષ્ટિયાત્રાધામ બાલમુકુન્દ પ્રભુની હવેલી ખાતે ૨૪/૦૧/૨૦૨૫ શુક્રવારના રોજ વ્રજકમલ મનોરથ અને તા.૨૬/૦૧/૨૦૨૫ રવિવારના રોજ છાક મનોરથ યોજાશે. અલૌકિક મનોરથનો સમય બપોરે ૨ કલાકે રાખવામાં આવ્યો છે. આ અતિભવ્ય મનોરથનો લ્હાવો લેવા બાલમુકુન્દ પ્રભુ હવેલી ટ્રસ્ટ અને મુખ્યાજી પરિવાર વતી વૈષ્ણવોને દર્શનનો તથા મહાપ્રસાદનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સા.કુંડલાની સરકારી બ્રાંચ શાળા નં.૨માં કન્યાશાળા ખાતે બેગલેસ ડેની ઉજવણી

અમરેલી,તા.૨૩



સાવરકુંડલાની સરકારી બ્રાંચ શાળા નં-૨માં કન્યા શાળા ખાતે બેગલેસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં છાત્રોને કંઈક શીખવા મળે તેવા કાર્યક્રમનું આયોજન કરાયુ હતું. જે અંતર્ગત અહીની છાત્રા સંધ્યા અને સ્વાતિના પિતા સંજયભાઈ ટેઈલર તરીકે કામ કરતા હોય તેમણે શાળામાં આવી છાત્રાઓને યુનિફોર્મનું કટીંગ કઈ રીતે કરવુ તેની ઉપયોગી જાણકારી આપી હતી. આચાર્ય ભારતીબેને પણ છાત્રાઓને માર્ગદર્શિત કરી હતી. આ ઉપરાંત કન્યા શાળાની ધોરણ ૩ થી ૮ની છાત્રાઓને મહેંદીની અલગ અલગ ડિઝાઈન શીખવાડાઈ હતી. અગાઉ શાળામાં અભ્યાસ કરી ગયેલી છાત્રાઓએ તેમને માર્ગદર્શન આપ્યું હતું. ધોરણ ૩ થી ૫માં અરૂણાબેન, જીજ્ઞાબેન, આશિફભાઈ અને રમઝાનભાઈ તથા ધોરણ ૬ થી ૮માં દિવ્યકલાબેન, ભાવિકાબેન, સ્નેહાબેન અને સંદિપભાઈ દ્વારા માર્ગદર્શન અપાયુ હતું.

# અવસાન નોંધ

**અમરેલી**

ઔદિચ્ય ગઢીયા બ્રાહમણ મુળ વરસડા, હાલ અમરેલી રહેતા કૃષ્ણપ્રસાદ દુર્ગાશંકર પંડિતના ધર્મપત્ની અને વિમલભાઈ, યોગેશભાઈ, દેવદતભાઈ અને અસ્મીતાબેનના માતૃશ્રી તેમજ વિજયકુમાર વ્યાસ અને સોનલબેન પંડિતના સાસુ તેમજ આર્યા અને ગ્રંથના દાદીમા પ્રફુલાબેન કૃષ્ણપ્રસાદ પંડિતનું તા.૨૧/૦૧/૨૦૨૫ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૪/૦૧/૨૦૨૫ને શુક્રવાર રોજ સાંજે ૪થી ૬ તેમના નિવાસ સ્થાન સ્વામિનારાયણ નગર-૧ પરશુરામ ચોક બ્રાહ્મણ સોસાયટી બ્લોક નંબર ૯૨ એ લાઠી રોડ ખાતે અમરેલી રાખેલ છે.


ડૉ. જીવરાજ મહેતા સંસ્થાપિત શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
આયોજીત
॥ ધ્વજવંદન નિમંત્રણ ॥
૭૬માં પ્રજાસત્તાક દિન નિમિતે "ધ્વજવંદન" કાર્યક્રમનું આયોજન કરેલ છે.
ધ્વજવંદન બાદ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા કવાયત,
સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થશે. તો સર્વે વાલીશ્રીઓ, શુભેચ્છકશ્રીઓ,
શિક્ષકગણ, સંસ્થાના પૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓને પધારવા
:: ધ્વજવંદન ::
માન. મહંતશ્રી ભકિતરામબાપુ
તારીખ : ૨૬-૦૧-૨૦૨૫ ને રવિવાર
સમય : સવારે ૦૮-૧૫ કલાકે
:: સ્થળ ::
ઓપન એર થીયેટર
શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસ, વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી.
:: નિમંત્રક ::
શ્રી વસંતભાઈ ગજેરા – પ્રમુખશ્રી
શ્રી હેમેન્દ્રભાઈ મહેતા – ઉપપ્રમુખશ્રી | શ્રી નાગજીભાઈ સોજીત્રા – ઉપપ્રમુખશ્રી
શ્રી લીંબાભાઈ જોધાણી – મંત્રીશ્રી | શ્રી કિશોરભાઈ મહેતા – મંત્રીશ્રી
શ્રી મનસુખભાઈ ધાનાણી – મંત્રીશ્રી | શ્રી ચતુરભાઈ ખુંટ – મંત્રીશ્રી
શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971



રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# જાફરાબાદના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટરોના અભાવે દર્દીઓને પરેશાની

**ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરાશે**

જાફરાબાદ, તા.૨૩

જાફરાબાદ શહેરમાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર એટલે કે સરકારી દવાખાનું હવે માત્ર જાફરાબાદના શહેરીજનો માટે મુખ્ય વિકલ્પ બની ગયું છે. જાફરાબાદ શહેરમાં પહેલા ટાવર હોસ્પિટલ તેમજ એમ.બી.બી.એસ. અને અનુભવી ડોક્ટર તરીકે જેમની ખ્યાતિ હતી તે ખ્યાતિ ધીમે-ધીમે વિસરાતી જાય છે. શહેરમાં એક પણ એમ.ડી. ડોક્ટર નથી, જેથી સરકારી હોસ્પિટલ જ ગરીબ લોકોનો આધાર છે. હોસ્પિટલની કથળતી સ્થિતિને લઈ જાફરાબાદ ભાજપ શહેર પ્રમુખ સંદીપભાઈ શિયાળ તેમજ બાલકૃષ્ણ સોલંકીએ મુલાકાત લેતા સરકારી દવાખાનામાં ખૂબ જ અનિયમિતતા અને પ્રાઈવેટ નોકરી કરતા હોય તે રીતે સ્ટાફ વર્તી રહ્યા હોય તેવુ સામે આવ્યું હતુ.ડોકટરો


તસવીર : બાબુભાઈ વાઢેળ

કોઈને ચાર્જ સોંપ્યા વગર જ રજા ઉપર ઉતરી જતા હોય તે બાબત પણ સામે આવી હતી. બાળકોના ડોક્ટર અને સી.એમ.સેવા કાર્યક્રમ હેઠળ નિમણૂક કરવામાં આવે છે જેમને એક કલાક પેટે ચાર્જ સરકાર દ્વારા આપવામાં આવે છે જેમને વધુમાં વધુ ત્રણ કલાક હાજર રહેવાનો રોજ ચાર્જ મળે છે. તે માત્ર એક જ કલાક નાના બાળકોને તપાસીને જતા રહે છે. એક કલાક બાદ બાકી રહેતા દર્દી તરીકે આવેલ નાના બાળકોને તે તપાસતા પણ નથી. સરકાર દ્વારા તમામ પ્રકારની દવાઓ અને પૂરતા સાધનો આપી અને વધુમાં વધુ લોકો આ સેવાનો લાભ લે તે માટે પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ તેનો લાભ યોગ્ય લોકો સુધી પહોંચી રહ્યો નથી આથી આ બાબતે ભાજપ આગેવાનોએ સરકાર હોસ્પિટલની કથળતી સ્થિતિને લઈ ધારાસભ્ય સહિત ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરવામાં આવશે તેમ જાણવા મળ્યુ છે.

# રામમંદિરના નિર્માણ પ્રતિષ્ઠાને એક વર્ષ પૂર્ણ થતા અમરેલીમાં બાઈક રેલી

અમરેલી, તા.૨૩

અમરેલી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ પ્રેરિત શ્રીરામ મંદિર નિર્માણ પ્રતિષ્ઠાનું એક વર્ષ પૂર્ણ થતા બાઈક રેલી યોજાઈ ગઈ. અયોધ્યામાં રામલ્લા મંદિર પ્રતિષ્ઠાને એક વર્ષ પૂર્ણ થયાના અવસરને વધામણા રૂપી અમરેલી શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ અમરેલી શહેર પ્રેરિત અને મહાદેવ ઠાકરના નેતૃત્વમાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ. આ બાઈક રેલીને જેસીંગપરા શિવાજી ચોક ખાતે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા, ઉપાધ્યક્ષ અશ્વિનભાઈ ત્રિવેદી,




વિજયભાઈ દેસાઈ તેમજ નગર અધ્યક્ષ પ્રતાપસિંહ રાઠોડે પ્રસ્થાન કરાવેલ. આ રેલીમાં ભગવાન શ્રીરામ નામની ધૂન સાથે પાણી દરવાજા, ટાવર ચોક, બસ સ્ટેન્ડ થઈને રામજી મંદિર ખાતે સંપન્ન થયેલ. આ રેલીમાં વિશ્વ હિન્દુ પરિષદના તેમજ બજરંગ દળના યુવાનો મોટી સંખ્યામાં જોડાયેલા હતા. રેલીને સફળ બનાવવા માટે અનેક યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં ટ્રેક્ટર ગેરેજમાં આગ લાગી: કોઈ જાનહાની નહી

અમરેલી, તા.૨૩



અમરેલીનાં સાવરકુંડલા રોડ પર આવેલા શૈલેષભાઈ ડાભીનાં ચામુંડા ટ્રેક્ટર ગેરેજમાં આગ લાગવાની ઘટના બનતા તાત્કાલિક અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે જાણ કરવામાં આવતા ફાયર ઓફિસર એચ.સી.ગઢવીની આગેવાનીમાં ફાયર કર્મચારીઓ ઋત્વીક ભીમાણી, પારસ પરમાર, કૃષ્ણભાઈ ઓળકીયા, સાગર પુરોહીત, જગદીશ ભુરીયા, ધવલ ચાવડા સહિતનાં ફાયર સ્ટાફે આગ પર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આગને કારણે કોઈપણ જાનહાની થવા પામી નથી.

# ચલાલા અને ખાંભામાં રૂ.૬.૫૦ કરોડના ખર્ચે સરકારી હોસ્પિટલ મંજૂર

બગસરા, તા.૨૩

રાજ્ય સરકાર દ્વારા અમરેલી જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં આરોગ્ય સુખાકારી માટે અદ્યતન સરકારી હોસ્પિટલ મંજૂર કરવામાં આવી છે. ધારાસભ્ય જે.વી. કાકડીયાના પ્રયાસોથી તેમના મત વિસ્તાર ચલાલા અને ખાંભામાં આગામી સમયમાં રૂ.૬.૫૦ કરોડના ખર્ચે નવી સરકારી હોસ્પિટલ આકાર પામશે. આ અંગે પીઆઈયુ ના નાયબ કાર્યપાલક ઈજનેર હરેશભાઈ વાળાએ જણાવ્યું હતું કે




ચલાલા અને ખાંભામાં નવી સરકારી હોસ્પિટલમાં ડાયાલીસીસ સેન્ટર, ફીઝીયોથેરાપી, બ્લડ સ્ટોરેજ, વેઈટીંગ એરીયા, ફાયર સેફ્ટીની સગવડ, મેડિકલ ગેસ પાઈપલાઈન તેમજ ચલાલામાં લીફ્ટની સુવિધા સાથે અદ્યતન લેબોરેટરી બનાવવામાં આવશે. હોસ્પિટલમાં સરકાર તરફથી તમામ વસ્તુઓ નવી આપવામાં આવશે. આ હોસ્પિટલને ભૂકંપપ્રુફ બનાવવામાં આવશે. હાલ તો હોસ્પિટલ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ સરકારી હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. હોસ્પિટલના બાંધકામમાં કોઈ કચાશ છોડવામાં આવશે નહી. લોકોને હોસ્પિટલમાં વધુ સારી સગવડતા મળે તે માટેના પ્રયત્નો કરવામાં આવશે. આમ, ચલાલા અને ખાંભામાં નવી સરકારી હોસ્પિટલ બનાવવા માટે રાજય સરકારે રૂ.૬.૫૦ કરોડ મંજૂર કરતા લોકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

# જાફરાબાદ વાપળીયા બસ સ્ટેશન પાસેથી દારૂની ૪૬ બોટલ ઝડપાઈ

અમરેલી, તા.૨૩

જાફરાબાદ વાપળીયા બસ સ્ટેશન પાસેથી એક યુવક દારૂની ૪૬ બોટલ સાથે ઝડપાયો હતો. હાર્દિકભાઈ રાણાભાઈ મકવાણા ઉ.વ.૨૪ નામના યુવક પાસેથી આ બોટલ મળી આવી હતી. તેને આ બોટલ લુણસાપુરના હનુભાઈ બદરૂભાઈ કોટીલાએ આપી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે કુલ ૩૯૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે. ખાખબાઈ ગામે નદી કાંઠે ઝૂંપડામાંથી પીવાનો ૧૦ લીટર દેશી દારૂ મળ્યો હતો. ખાંભાના ભાણીયા ગામેથી દેશી દારૂ બનાવવાનો ૧૦૦ લીટર આથો મળી આવ્યો હતો. જ્યારે બે શખ્સો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# અમરેલીના કેરાળા ગામે વિવિધ કામોનું ખાતમુહૂર્ત કરતા કૌશિક વેકરીયા

અમરેલી, તા.૨૩



અમરેલી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા પોતાના મત વિસ્તારમાં વિકાસની હારમાળા સર્જી રહ્યા છે. પોતાના મત વિસ્તારમાં વધુમાં વધુ ગ્રાન્ટ મળે તે માટે રાજ્ય સરકાર સમક્ષ સતત રજૂઆત કરતા રાજ્ય સરકાર દ્વારા અમરેલી વિધાનસભા વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોનું વિકાસ થાય તે માટે રાજ્ય સરકારે ગ્રાન્ટ ફાળવતા અમરેલીના કેરાળા ગામે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા વિવિધ વિકાસ કામોનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપ કાર્યકરો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

# સાવરકુંડલા બાયપાસ પાસે વાહનની અડફેટે દીપડાનું મોત

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર આવેલા બાયપાસ વિસ્તારમાં એક દીપડો રસ્તો ઓળંગી રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહને તેને અડફેટે લીધો હતો.


તસવીર : સૌરભ દોશી

ગંભીર ઈજાઓને કારણે દીપડાનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં વન વિભાગના આર.એફ.ઓ. પ્રતાપ ચાંદુ અને રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સલામતીના ભાગરૂપે બંને તરફ વાહનવ્યવહાર રોકી, દીપડાના મૃતદેહને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે એનિમલ કેર સેન્ટર ખસેડવામાં આવ્યો હતો. વન વિભાગે આ ઘટના અંગે વિસ્તૃત તપાસ શરૂ કરી છે. અજાણ્યા વાહનચાલકની ઓળખ માટે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે અમરેલી જિલ્લામાં દીપડાઓની વધતી સંખ્યા અને હાઈવે પરના વાહનવ્યવહારને કારણે આવી દુર્ઘટનાઓમાં વધારો થયો છે.

# અમરેલીમાં પરિણીતાએ ઝેરી દવા પીતા થયુ મોત

અમરેલી, તા.૨૩

અમરેલીમાં રહેતા હંસાબેન કરશનભાઈ મુછડીયા (ઉ.વ.૫૫) એ જાહેર કર્યા મુજબ, મૃતક હિરલબેન રાજેશભાઈ મકવાણા (ઉ.વ.૩૫) ના બન્ને દીકરા તથા પતિ મરણ પામ્યા હોવાથી પોતાની મેળે ઝેરી ટીકડા પી જતા મૃત્યુ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. કે. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીમાં રહેતા ઈશ્વરભાઈ ભીખુભાઈ લોટા (ઉ.વ.૨૨) તથા બગસરામાં નટવરનગરની સીમમાં રહેતા પપ્પુભાઈ વીરસીંગભાઈ કટારા (ઉ.વ.૨૫)નું વીજશોક લાગવાથી મૃત્યુ થયું હોવાનું પોલીસ ચોપડે જાહેર થયું હતું. ક્રાંકચ ગામે માનસિક બીમારીના કારણે એક વ્યક્તિએ પોતાની મેળે ખડમાં છાંટવાની ઝેરી દવા પીધી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: દશમ
તા. ૨૪-૦૧-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૧૩,
સૂર્યાસ્ત-૦૫:૫૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

## દૈનિક રાશિફળ

તા.૨૪-૦૧-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથે અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશો. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઇને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે હવામાન પણ અનુકૂળ રહેશે નહીં. આજે મોટી માત્રામાં ધન મળતા મનોબળ વધશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થળાંતરનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે.

મકર: આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

# અમરેલી-અંબાજી બસ શરૂ થવાને આચારસંહિતાનું ગ્રહણ લાગ્યુ

અમરેલી, તા.૨૩

અમરેલીથી યાત્રાધામ અંબાજી માટે નવી બસ શરૂ કરવા માટે અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી જો કે આ રજૂઆતનો સ્વીકાર કરવામાં આવતા આ બસ ૨૩ જાન્યુઆરીથી શરૂ થવાની હતી પરંતુ ચૂંટણીની આચારસંહિતા લાગુ પડતા હવે આ બસ ૨૨ ફેબ્રુઆરી પછી શરૂ કરવામાં આવશે તેમ એસ.ટી.ના અધિકારીઓએ જણાવ્યું હતું. અમરેલીથી સીધી અંબાજી બસ શરૂ કરવા માટે વિવિધ સંસ્થાઓ દ્વારા અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી. રજૂઆત બાદ અમરેલી એસ.ટી.ડિવિઝન દ્વારા અમરેલીથી અંબાજી તા.૨૩ના રોજથી શરૂ કરવાનો નિર્ણય કરાયો હતો. અમરેલીથી અંબાજી સ્લીપર બસ આજથી શરૂ થાય તે પહેલા ચૂંટણીની આચારસંહિતાનું ગ્રહણ લાગ્યું છે. જેથી આ સ્લીપર બસ હવે આચારસંહિતાનો અમલ પુરો થયા બાદ શરૂ થશે. આ બસ અમરેલીથી સાંજે ૭:૩૦ કલાકે ઉપડશે જે લાઠી, બોટાદ, અમદાવાદ, મહેસાણા, પાલનપુર થઈ વહેલી સવારે ૬:૨૦ કલાકે અંબાજી પહોંચશે. જયારે અંબાજીથી સાંજના ૫:૦૦ કલાકે આ જ રૂટ પર બસ અમરેલી વહેલી સવારે ૩:૫૦ કલાકે પહોંચશે. આ બસનું ભાડુ સીટીંગમાં રૂ.૩૩૫ અને સ્લીપરમાં રૂ.૪૧૫ રાખવામાં આવ્યું છે.

# રીકડીયા ગામે લોન લઈ હપ્તા નહીં ભરી વિશ્વાસઘાત કર્યો

અમરેલી, તા.૨૩

અમરેલીના રીકડીયા ગામે એક વ્યક્તિએ તેના પરિચિતને વિશ્વાસમાં લઈ લોન લીધી હતી. જે બાદ લોનના હપ્તા નહીં ભરીને વિશ્વાસઘાત કર્યો હતો. બનાવ અંગે સુભાષભાઈ જીવનભાઈ જાદવ (ઉ.વ.૨૮)એ વિવેકભાઈ ઉર્ફે વીકી મનસુખભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને વિશ્વાસમાં લઈ અલગ-અલગ બેન્કમાંથી લોન મેળવી ચીજવસ્તુઓ ખરીદી હતી.

જે બાદ લોનના હપ્તા નહીં ભરી વિશ્વાસઘાત કર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના કથીવદર ગામના પુલ પાસે અકસ્માતમાં બાઈક સવારનું મૃત્યુ

**જિલ્લામાં અકસ્માતની વધુ બે ઘટના બની**

રાજુલા, તા.૨૩

રાજુલાના કથીવદર ગામના પુલ પાસે અકસ્માતમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે તળાજા તાલુકાના પસ્વી ખોડીયાર માતાના મંદિર પાસે રહેતા હરદેવગીરી રમેશગીરી ગૌસ્વામી (ઉ.વ.૩૭) એ વલ્લભીપુરમાં રહેતા ટ્રક ચાલક ઓમકારગીરી કાંતીગીરી ગૌસ્વામી (ઉ.વ.૩૫) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટા બાપુના દીકરા ઓમકારગીરી કાંતીગીરી ગૌસ્વામી મહુવા બાજુથી રાજુલા તરફ આવતા હોય ત્યારે રાજુલા તાલુકાના કથીવદર ગામના પુલ પાસે પોતાના હવાલાની મો.સા. રજી. નં.GJ-૧૪-BF-૧૪૧૭ ને પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી આવી રોડની સાઈડમાં પડેલ ટ્રક રજી. નં.GJ-૩૨-T-૬૬૩૯ની એકદમ નજીક આવી બ્રેક મારી હતી. જેથી કાબુ ગુમાવતા ટ્રક સાથે અથડાતાં શરીરે નાની-મોટી ઈજા થવાથી મોત નિપજ્યું હતું. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.આર. છોવાળા વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીમાં રાકેશભાઈ ભરતભાઈ રાયઠઠા (ઉ.વ.૩૭)એ અજાણ્યા ફોર વ્હીલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ જ્યુપીટર પર તેમના પત્ની સાથે રાજકમલથી નાગનાથ રોડ પરથી પસાર થતાં હતા ત્યારે ફોર વ્હીલ ચાલકે ટક્કર મારતાં તેમને બંનેને ઈજા થઈ હતી.

# ઉત્તરાયણમાં વૃંદાવન ગૌસેવા ટ્રસ્ટના જીવદયા અભિયાનને વ્યાપક પ્રતિસાદ મળ્યો

સાવરકુંડલા, તા.૨૩

ઉત્તરાયણના પર્વમાં પતંગના દોરાથી પક્ષીઓ અને પ્રાણીઓને થતી ઈજા રોકવા માટે અમરેલીના વૃંદાવન ગૌસેવા ટ્રસ્ટે શરૂ કરેલી એનિમલ હેલ્પલાઈનને લોકોનો ખૂબ જ સુંદર પ્રતિસાદ મળ્યો હતો. ટ્રસ્ટ દ્વારા અગાસી અને રસ્તા પર પડેલા દોરા એકત્ર કરવાની અપીલ કરવામાં આવી હતી, જેમાં શહેરના અનેક જીવદયા પ્રેમીઓએ સહયોગ આપ્યો હતો. પોલીસ અને ફોરેસ્ટ સ્ટાફના



સહયોગથી જીવદયા પ્રેમીઓએ નદીઓ અને શેરીઓમાંથી પતંગના દોરા એકત્ર કરીને તેના નિકાલ માટે ટ્રસ્ટને સોંપ્યા હતા. ટ્રસ્ટના કરુણા અભિયાન સંયોજક તેજસભાઈ નિમાવતએ જણાવ્યું હતું કે, "આપણે સૌએ પક્ષીઓ અને પ્રાણીઓને બચાવવાનો સંકલ્પ લેવો જોઈએ." આ સફળ આયોજન બદલ પ્રમુખ પ્રશાંતભાઈ ચુડાસમાએ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

**તંત્રી લેખ**

# ટ્રેન અકસ્માતના કારણો અને તેનું નિવારણ

કર્ણાટકમાં જલગાવ નજીક ભયાનક ટ્રેન અકસ્માતમાં એક ડઝન જેટલા માનવીઓના દર્દનાક મોત થયા હતા. અકસ્માત થવાના એક કરતા વધુ કારણો હોય છે. કે જેમાં મુખ્ય કારણો માનવીય ભૂલ છે બીજું છે ટેકનિકલ કારણ. આ અંગે વિસ્તારથી વિચારતા પહેલા આ ટ્રેન અકસ્માત થાય જ નહીં તે માટે અત્યાર સુધીમાં શું પગલાં લેવામાં આવ્યા છે અને હવે પછી ટ્રેન અકસ્માત ન થાય તે માટે કેવા પ્રકારનું મિકેનિઝમ ગોઠવવામાં આવી રહ્યું છે તે વિચારવું જરૂરી છે. જલગાવનો ટ્રેન અકસ્માત આગની અફવાને કારણે થયો હતો. ફુલ સ્પીડમાં દોડી રહેલી ટ્રેનની સાંકળ કોઈએ ખેંચી અને ટ્રેનમાં બ્રેક લાગવાથી પૈડા અને પાટા વચ્ચેના ઘર્ષણને કારણે જે તણખા ઉત્પન્ન થયા તેને લોકોએ આગ માની લીધી અને લોકો ધડાધડ બારણા ખોલીને ટ્રેનમાંથી કૂદવા લાગ્યા. બાજુના ટ્રેક પર ફુલ સ્પીડમાં આવી રહેલી ટ્રેનની અડફેટે અનેક માણસો ચડી ગયા અને બાર જેટલા લોકોના મોત થયા. આ ટ્રેન અકસ્માત માનવીય ભૂલને કારણે થયો હતો. હવે આપણે જોઈએ કે ટ્રેન અકસ્માતના અન્ય કારણો કયા હોઈ શકે અને તેને નિવારવા માટેના કેવા પગલાં લેવા જોઈએ તે અત્યંત મહત્વની વસ્તુ છે. ટ્રેન અકસ્માતો દુર્ઘટનાસ્વરૂપ હોય છે અને ઘણીવાર મોટા નુકસાન અને જાનહાનિનું કારણ બને છે. આવા અકસ્માતોના ઘણા કારણો હોઈ શકે છે, જેમાં માનવીય ભૂલો, ટેકનિકલ ખામીઓ, કુદરતી આફતો અને અન્ય પરિબળોનો સમાવેશ થાય છે. મુખ્ય કારણો નીચે મુજબ છે જેમાં માનવીની ભૂલો પ્રથમ સ્થાને આવે છે. ખોટા સિગ્નલો, સિગ્નલને અવગણવા અથવા સિગ્નલિંગ સિસ્ટમમાં ખામીને કારણે અકસ્માતો થઈ શકે છે. ઝડપ વધારવી, બ્રેક ન લગાવવી અથવા નિયમોનું ઉલ્લંઘન કરવાથી અકસ્માત થઈ શકે છે. રેલવે ટ્રેક, એન્જિન અથવા કોચની નિયમિત જાળવણી ન કરવાથી અકસ્માત થવાનું જોખમ વધી જાય છે. ઓપરેટિંગ પ્રોસિજરનું પાલન ન કરવાથી પણ અકસ્માત થઈ શકે છે. પાટા તૂટવા, પાટામાં તિરાડ પડવી અથવા પાટાની અસમાનતાને કારણે ટ્રેન પાટા પરથી ઉતરી શકે છે. બ્રેક સિસ્ટમમાં ખામીને કારણે ટ્રેનને સમયસર રોકવી મુશ્કેલ બની શકે છે. એન્જિન અથવા કોચમાં કોઈપણ પ્રકારની ખામીને કારણે અકસ્માત થઈ શકે છે. ભૂકંપને કારણે પાટા તૂટી શકે છે અથવા પુલ તૂટી શકે છે. પૂરને કારણે ટ્રેક ડૂબી શકે છે અથવા ધોવાઈ શકે છે. વાવાઝોડાને કારણે ઝાડ પડવાથી ટ્રેક બ્લોક થઈ શકે છે અથવા ટ્રેનને નુકસાન થઈ શકે છે. આતંકવાદી હુમલાને કારણે ટ્રેનને નુકસાન થઈ શકે છે. માલસામાનનું વધુ પડતું વજન હોવાથી ટ્રેન પાટા પરથી ઉતરી શકે છે. અન્ય વાહન સાથે અથડામણ થવાથી ટ્રેન અકસ્માત થઈ શકે છે. અકસ્માત નિવારવા માટે નીચેના ઉપાયો અત્યંત મહત્વપૂર્ણ છે. મંત્રાલયે આનું કડકાઈથી પાલન કરવું અત્યંત આવશ્યક છે જેથી આવી ભયાનક દુર્ઘટના બનતી અટકે. રેલવે ટ્રેક, એન્જિન અને કોચની નિયમિત જાળવણી કરવી. સિગ્નલિંગ સિસ્ટમ, બ્રેક સિસ્ટમ અને અન્ય ટેકનોલોજીને અપડેટ કરવી. ડ્રાઈવરોને નિયમિત તાલીમ આપવી અને સલામતીના નિયમોનું પાલન કરવા માટે પ્રોત્સાહિત કરવા. ઉત્તર મહારાષ્ટ્રના જલગાવમાં ગત બુધવારે સાંજે એક ટ્રેનમાં ભયંકર આગની અફવા બાદ બીજા ટ્રેક પર ઉતરેલા મુસાફરોને સામેથી આવી રહેલી ટ્રેને કચડી નાખ્યા હતા. આ માનવીય ભૂલને કારણે અકસ્માત થયો હતો.

# ઢળતી સાંજે થતી ચિંતાના કારણો અને ઉપાય



હિન્દી પિક્ચરનું પ્રસિદ્ધ ગીત છે

"ફિર વોહી શામ તન્હાઈ દિલ કો ભુલાને તેરી યાદ ચલી આઈ હૈ." આ ગીત સાથે માનવીની ભૂલી બીસરી યાદો સંકળાયેલી હોય છે આ યાદોથી દિલમાં દુઃખ ઉત્પન્ન થાય અને તેમાંથી ચિંતા જન્મે. સમય જતા તે માનસિક રોગનું રૂપ લઈ લે છે. ચિંતા એ આપણા જીવનનો એક સામાન્ય ભાગ છે. નાની-મોટી બાબતોને લઈને ચિંતા થવી સ્વાભાવિક છે. પરંતુ જ્યારે ચિંતા વધારે પડતી થાય અને દૈનિક જીવનને અસર કરવા લાગે ત્યારે તે ચિંતાનું કારણ બની શકે છે. ચિંતા થવાના મુખ્ય કારણો અનેક છે જેમાંના કેટલાક સામાન્ય છે જેવા કે દૈનિક જીવનની ચિંતા મોટાભાગના માણસોને સતાવે છે. કામ, અભ્યાસ, સંબંધો, આર્થિક સ્થિતિ વગેરેને લગતી ચિંતાથી માણસ ઘેરાયેલો હોય છે. ભવિષ્યની ચિંતા મુખ્ય છે. આવનારા સમયમાં શું થશે તેની ચિંતા માણસને વધુ સતાવે છે. મારું શું થશે તેની પણ મોટી ચિંતા હોય છે. આરોગ્યને લગતી ચિંતા આમાં મુખ્ય છે. પોતાના અથવા પરિવારના સભ્યોના સ્વાસ્થ્યને લગતી ચિંતા માનવીને વધુ સતાવે છે. સમાજમાં સ્થાન ન મળવાની ચિંતા મોટા માણસોને વધુ થાય છે. સમાજમાં અન્ય લોકોની સરખામણીમાં પોતાને ઓછું મહત્વ મળે છે તેવી લાગણી માનવીને સતત સતાવે છે. ઉપરાંત અનિશ્ચિતતાને કારણે ઘણાને વધુ ચિંતા થતી હોય છે. જીવનમાં આવતા મોટા ફેરફારો ચિંતા કરાવે છે. નોકરી બદલવી, લગ્ન કરવા, ઘર બદલવું વગેરે જેવા મોટા ફેરફારોને કારણે ચિંતા થાય છે. માનસિક સ્વાસ્થ્યની સમસ્યા મુખ્ય કારણ છે જેવી કે ડિપ્રેશન, એન્ઝાયટી ડિસઓર્ડર જેવી માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓને કારણે ચિંતા વધુ પ્રમાણમાં થઈ શકે છે. આ ચિંતા ઓછી કરવાના ઉપાયો પણ છે જેમાં મુખ્ય છે યોગ અને ધ્યાન. એનાથી ચિંતા ઓછી થઈ શકે છે. રોજિંદા જીવનમાં યોગ અને ધ્યાનનો સમાવેશ કરવાથી તણાવ ઓછો થાય છે અને મન શાંત થાય છે. માનવીએ શારીરિક શ્રમ કરવો જરૂરી છે. શારીરિક પ્રવૃત્તિ કરવાથી મન કામમાં પોરવાઈ જાય છે અને ચિંતા દૂર થાય છે. રોજબરોજ કસરત કરવાથી શરીરમાં એન્ડોર્ફિન હોર્મોનનો સ્ત્રાવ વધે છે, જે મૂડ સુધારવામાં મદદ કરે છે. સંતુલિત આહારના અભાવથી નબળાઈ આવે છે અને ચિંતા વધે છે. પૌષ્ટિક આહાર લેવાથી શરીરને જરૂરી પોષણ મળે છે અને મન સ્વસ્થ રહે છે. પૂરતી ઊંઘ ના લેવાથી દિવસે બેચેની લાગે છે. પૂરતી ઊંઘ લેવાથી શરીર અને મનને આરામ મળે છે અને ચિંતા ઘટે છે. સકારાત્મક વિચારો કરવાથી માનસિક આરોગ્ય જળવાય છે નકારાત્મક વિચારોને સકારાત્મક વિચારોથી બદલવાનો પ્રયાસ કરો. સામાજિક સંપર્કો વધારવાથી અને લોકોને મળવાથી ચિંતામાંથી રાહત મળે છે. આ માટે મિત્રો અને પરિવાર સાથે સમય પસાર કરો.

વ્યાવસાયિક મદદઃ જો ચિંતા વધારે પડતી હોય તો મનોચિકિત્સકની સલાહ લેવી જોઈએ. ભાવનગરના જાણીતા મનોચિકિત્સક શૈલેષભાઈ જાની આ અંગે ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન આપતા મેગેઝીન પ્રસિદ્ધ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

કરે છે તેમાં માનસિક આરોગ્યના ખૂબ જ ઉપયોગી આર્ટીકલ આવે છે જેના થકી સમાજને ખૂબ મોટો ફાયદો થઈ રહ્યો છે જે આનંદની વાત છે. મનોચિકિત્સા તેનું મહત્વનું મેગેઝીન છે. તમને જે વસ્તુનો શોખ હોય તેમાં પ્રવૃત્ત થવાથી ચિંતા મટી જાય છે. પોતાના શોખને અનુસરવાથી મન પ્રફુલ્લિત રહે છે. કોઈ સમસ્યા હોય તો તે સમસ્યાનું નિરાકરણ કરવાથી ચિંતા ઘટે છે. દરેક સમસ્યાનું નિરાકરણ થવામાં સમય લાગે છે. ધીરજ રાખો. ચિંતા જો ગંભીર રૂપ ધારણ કરે અને તેની આરોગ્ય પર અસર થાય તો ડોક્ટરને મળવું જરૂરી છે. નીચેના સંજોગોમાં ડોક્ટરને મળવું જરૂરી છે. જો ચિંતા દૈનિક જીવનને અસર કરી રહી હોય, જો ચિંતાને કારણે ઊંઘ ન આવતી હોય અથવા વધુ પડતી ઊંઘ આવતી હોય, જો ચિંતાને કારણે ભૂખ ન લાગતી હોય અથવા વધુ પડતી ભૂખ લાગતી હોય, જો ચિંતાને કારણે વારંવાર બીમાર પડતા હોય, જો ચિંતાને કારણે આત્મહત્યાના વિચારો આવતા હોય, જો તમને આમાંથી કોઈ પણ લક્ષણો દેખાય તો તરત જ મનોચિકિત્સકની સલાહ લેવી જોઈએ. જો સૂર્યાસ્ત થતાંની સાથે જ તમને ઉદાસી લાગવા લાગે, જીવનમાં ખાલીપણું અનુભવાય અને કોઈ અજાણ્યો ભય તમને સતાવવા લાગે, જેના કારણે તમે તણાવ અનુભવો છો, તો શક્ય છે કે તમે સૂર્યાસ્તની ચિંતાથી પીડાઈ રહ્યા છો. સૂર્યાસ્તની ચિંતા મોટે ભાગે એવા લોકોને અસર કરે છે જેઓ પહેલાથી જ તેમના જીવનમાં કોઈ પ્રકારના તણાવ અથવા દબાણનો સામનો કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, સૂર્યાસ્તની ચિંતા એક પ્રકારની માનસિક સ્થિતિ છે, જેમાં વ્યક્તિ સાંજે વધુ પડતી ચિંતા અને તણાવ અનુભવવા લાગે છે. આ સ્થિતિમાં, વ્યક્તિ અજાણ્યા ભવિષ્ય વિશે અતિશય તણાવ, ડર અથવા ચિંતા અનુભવવા લાગે છે. સૂર્યાસ્તની ચિંતાના લક્ષણો નીચે મુજબ છે. તમને રાત્રે ઊંઘવામાં તકલીફ પડી શકે છે, એકલું અને ખાલીપણું અનુભવવું, સૂર્યાસ્ત સમયે મનમાં ઉદાસી અને નકારાત્મકતા આવે છે. હૃદયના ધબકારા વધી શકે છે. જેમ જેમ સાંજ નજીક આવે છે તેમ તેમ ચિંતા અને બેચેની વધતી જાય છે. પરસેવો વળવા લાગે અને હાથ અને પગમાં ધ્રુજારી અનુભવી શકાય છે. શ્વાસ લેવામાં તકલીફ પડે અને માનવી વધુ પડતું વિચારવા લાગે છે. આવી વ્યક્તિમાં આત્મવિશ્વાસનો અભાવ હોઈ શકે છે. માનવીની દિવસની દિનચર્યા યોગ્ય ન હોવાને કારણે સૂર્યાસ્તની ચિંતા થાય છે. જવાબદારીઓનું દબાણ વધી જાય ત્યારે આમ બને છે. જીવનમાં કોઈ પણ ખરાબ ઘટના બને ત્યારે ચિંતા વધી જાય છે. જ્યારે જીવન ધ્યેયહીન બને છે ત્યારે માનવી નિરાશ થાય છે અને ચિંતાતુર બને છે. સૂર્યાસ્તની ચિંતા અટકાવવાના રસ્તાઓ પણ છે જેવા કે સૂવાનો અને જાગવાનો સમય નક્કી કરો અને તેનો અમલ કરવો, ઊંડા શ્વાસ લેવાની કસરતો કરીને તણાવ અને ચિંતા ઘટાડવાનો પ્રયાસ કરો. સાંજે હળવી કસરત, યોગ, ધ્યાન કરો અથવા ફરવા જાઓ અથવા તમારું મનપસંદ પુસ્તક વાંચો અને નકારાત્મક વિચારોથી પોતાને દૂર રાખો. એકલા રહેવાને બદલે પરિવાર અને મિત્રો સાથે સમય વિતાવો. પૌષ્ટિક ખોરાક ખાઓ. સાંજ પડતાં જ ઝાંખા પ્રકાશમાં રહો. ઊંઘ સાથે સમાધાન ન કરો. મતલબ કે ઊંઘ આવે કે તરત સુઈ જાવ. રાતના ઉજાગરા ન કરો. દારૂ અથવા કેફીનવાળી વસ્તુઓ પીવાનું ટાળો. ચિંતા એ આજના સમયમાં ખૂબ જ સામાન્ય બાબત બની ગઈ છે. ઘણા લોકો કામ, સંબંધો, આર્થિક સ્થિતિ વગેરેને કારણે ચિંતા અનુભવે છે. જો કે, ચિંતા જો વધુ પડતી હોય તો તે આપણા દૈનિક જીવનને પ્રભાવિત કરી શકે છે. ચિંતાતુર લોકોની સારવાર માટે ઘણી બધી રીતો છે.

## ચિંતાતુર લોકોની સારવાર માટેની કેટલીક રીતોઃ

સાયકોથેરાપી એક પ્રકારની વાતચીત છે જેમાં એક તાલીમબદ્ધ થેરાપિસ્ટ તમને તમારી ચિંતાને સમજવા અને તેને વ્યવસ્થાપિત કરવામાં મદદ કરે છે. કેટલીકવાર ચિંતાને નિયંત્રિત કરવા માટે દવાઓની જરૂર પડી શકે છે. આ દવાઓ સામાન્ય રીતે ડૉક્ટર દ્વારા સૂચવવામાં આવે છે. જીવનશૈલીમાં ફેરફાર કરવો જેમાં નિયમિત વ્યાયામ, પૂરતી ઊંઘ, તંદુરસ્ત આહાર અને તણાવ ઘટાડવાની તકનીકો જેવી કે ધ્યાન અને યોગ ચિંતા ઘટાડવામાં મદદ કરી શકે છે. અન્ય લોકો સાથે વાત કરવી. જેઓ ચિંતા અનુભવે છે તે તમને એકલા ન હોવાની લાગણી અપાવી શકે છે.

**સનસેટ એન્ઝાઈટી એટલે ઢળતી સાંજની ચિંતા. સૂર્યાસ્ત થતાંની સાથે જ તણાવ અને બેચેની તમને ઘેરી લે છે, સૂર્યાસ્તની ચિંતાના લક્ષણો, કારણો અને નિવારણ શું છે,? તે જાણવું જરૂરી છે. સ્વાસ્થ્ય ટિપ્સ જાણો. સૂર્યાસ્તની ચિંતાના લક્ષણો શું છે? તેના કારણો અને નિવારણ શું છે?**

## શબ્દ સંજોગ-૧૯૩૮



**આડી ચાવી :**
(૧) ભારતનું એક રાજ્ય (૩)
(૩) ગોડાઉન (૩)
(૬) પોતાને લગતું (૩)
(૮) પત્નીની માતાની વેવાણના પતિના વેવાઈ (૩)
(૧૦) વિજય (૨)
(૧૧) તાકીદની ઉઘરાણી (૩)
(૧૩) સાથે (૨)
(૧૫) લગભગત થયા આડા-અવળા (૫)
(૧૭) આફત (૩)
(૧૯) શહેર (૩)
(૨૦) ભગવાન (૫)
(૨૩) સલામ મેમ.... (૨)
(૨૪) ખરાબ પરિણામ કે અંત (૩)
(૨૫) સાપ (૨)
(૨૬) એક વજન (૩)
(૨૮) હવા ફૂંકવાનું સાધન (૩)
(૨૯) બચાવ (૩)
(૩૦) પ્રજા (૩)

**ઉભી ચાવી :**
(૧) જમણવારની લાઈન (૩)
(૨)..... મહેનત જિંદાબાદ (૨)
(૪) સ્પેશિયલ (૨)
(૫) રસથી ભરપૂર (૫)
(૬) એક સૂકોમેવો (૩)
(૭) કાગળ થયો આડો-અવળો (૩)
(૯) આરામ, વિસામો (૩)
(૧૨) જુવાની (૩)
(૧૪) રાજસ્થાનનું એક શહેર થયુ (આ-અ) (૩)
(૧૬) આભ (૩)
(૧૭) રેબઝેબ (૫)
(૧૮) પરમેશ્વર (૩)
(૨૦) તમે કોલેજમાંથી....થયા છો ? (૩)
(૨૧) કંપની પાર્ટનર (૩)
(૨૨) જિતેન્દ્ર-રીના રોયની ફિલ્મ (૩)
(૨૫) સરખાપણું (૩)
(૨૭) લાખ, ધ્યાન (૨)
(૨૮) એક રાશિ (૨)

## શબ્દ સંજોગ-૧૯૩૭ જવાબ

**આડી ચાવીઃ** (૧) શૃંખલા (૪) ગરમ (૭) ગનીમત (૯) તર (૧૦) ભાણી (૧૧) નમન (૧૩) માલો (૧૫) કવર (૧૭) વિકટ (૧૯) તિફ્ત (૨૧) રવિના (૨૩) કોયલ (૨૫) ભોર (૨૬) વશ (૨૮) અખાત્રીજ (૩૧) લાખ (૩૨) ભાલકા.
**ઉભી ચાવીઃ** (૧) શૃંગી (૨) લાગણી (૩) વમન (૫) રત (૬) મરણ (૮) તમક (૧૨) નવ (૧૪) છેક (૧૬) રતિ (૧૭) વિના (૧૮) ટકોર (૨૦) ફતર(રફ્ત) (૨૨) વિશાખા (૨૪) લવ (૨૫) ભોજ (૨૭) શલાકા (૨૮) અઢી (૨૯) ત્રીજ (૩૦) રંભા.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૧૦ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૬૦૧ | ૬૪૩ |
| ઘઉં ટુકડા | ૬૦૪ | ૬૮૦ |
| જુવાર સફેદ | ૭૭૫ | ૯૬૧ |
| જુવાર લાલ | ૮૫૦ | ૧૨૩૪ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૪૨૧ | ૫૦૧ |
| તુવેર | ૧૩૭૫ | ૧૭૩૨ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૨૧૧ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૨૦૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૫૬૦ |
| મગ | ૧૨૦૦ | ૧૮૫૭ |
| વાલ દેશી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ચોળી | ૧૪૦૦ | ૨૮૦૧ |
| મઠ | ૮૯૦ | ૧૨૮૦ |
| કળથી | ૭૮૫ | ૮૫૬ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૧૫૨ |
| મગફળી જીણી | ૯૨૯ | ૧૨૧૦ |
| તલી | ૧૭૦૦ | ૨૩૫૧ |
| સુરજમુખી | ૧૧૭૬ | ૧૧૭૬ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૬૫ |
| અજમો | ૧૭૩૪ | ૧૭૩૪ |
| સુવા | ૧૧૪૦ | ૧૧૪૦ |
| સોયાબીન | ૭૮૫ | ૮૨૫ |
| સીંગફાડા | ૧૦૫૫ | ૧૩૩૦ |
| કાળા તલ | ૩૧૮૦ | ૪૭૯૦ |
| લસણ | ૧૦૦૦ | ૨૫૦૦ |
| ધાણા | ૧૧૧૦ | ૧૫૪૯ |
| મરચા સુકા | ૯૦૦ | ૨૬૦૦ |
| ધાણી | ૧૧૩૦ | ૧૭૩૮ |
| વરીયાળી | ૧૧૪૨ | ૧૫૪૬ |
| જીરૂ | ૪૦૬૦ | ૪૩૨૫ |
| રાય | ૧૧૭૦ | ૧૩૦૭ |
| મેથી | ૯૬૦ | ૧૧૯૦ |
| ઇસબગુલ | ૧૬૭૧ | ૨૦૦૦ |
| કલોંજી | ૩૭૨૫ | ૩૭૨૫ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૩૦ |
| ગુવારનું બી | ૯૯૦ | ૧૦૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૯૦૦ |
| બટેટા | ૧૭૦ | ૩૨૦ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૪૩૦ |
| ટમેટા | ૧૦૦ | ૩૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૧૦ | ૨૨૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૫૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૦૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૧૦૦ |

| | | |
|---|---|---|
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૩૦૦ | ૧૨૫૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૯૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૪૫૦ | ૭૨૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૪૮૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૨૨૦ | ૪૮૦ |
| મેથી | ૧૦૦ | ૧૫૦ |
| વાલ | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૫૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૧૫૦ | ૪૦૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૪૫૦ | ૭૦૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૧૮૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૦૧ |
| ગિરનારી શીંગ | ૯૯૯ | ૧૧૬૦ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૪૩ |
| શિંગદાણા ફાડા | ૯૪૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૫૯૦ | ૨૩૬૫ |
| તલ કાળા | ૨૭૦૦ | ૪૬૩૫ |
| તલ કાશ્મીરી | ૨૧૦૦ | ૨૭૦૦ |
| જુવાર | ૪૨૫ | ૯૨૦ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૭૫ |
| ઘઉં લોકવન | ૫૭૮ | ૬૪૬ |
| અડદ | ૯૪૦ | ૧૪૬૮ |
| ચણા | ૧૦૧૦ | ૧૨૧૦ |
| તુવેર | ૭૪૫ | ૧૬૫૧ |
| કપાસ | ૭૭૦ | ૧૪૯૨ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૩૧૦૦ | ૪૩૪૦ |
| ધાણા | ૧૨૨૫ | ૧૫૮૫ |
| અજમા | ૧૯૨૦ | ૨૧૦૧ |
| સોયાબીન | ૫૦૦ | ૮૨૦ |
| મરચા લાંબા | ૬૪૦ | ૩૧૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૪૦ | ૩૦૦ |
| રીંગણાં | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૨૦ | ૨૨૦ |
| કોબીજ | ૬૦ | ૨૪૦ |
| શકકરીયા | ૪૨૦ | ૫૮૦ |
| ટામેટા | ૮૦ | ૧૨૦ |

| | | |
|---|---|---|
| સુરણ | ૧૦૪૦ | ૧૧૪૦ |
| ગાજર | ૩૦૦ | ૫૪૦ |
| દૂધી | ૧૨૦ | ૩૪૦ |
| કારેલા | ૫૫૦ | ૭૫૦ |
| ગલકા | ૩૮૦ | ૫૦૦ |
| મુળા | ૧૪૦ | ૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૪૪૦ |
| વાલોળ | ૩૪૦ | ૪૨૦ |
| વટાણા | ૫૫૦ | ૬૦૦ |
| ચોળા લીલાં | ૪૪૦ | ૬૪૦ |
| તુરીયા | ૫૩૦ | ૮૫૦ |
| આમળા | ૭૦૦ | ૮૦૦ |
| ચણાં લીલા | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૫૨૦ | ૮૨૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૭૨૦ | ૭૮૦ |
| કોથમીર | ૧૬૦ | ૩૪૦ |
| મેથીભાજી | ૨૨૦ | ૩૨૦ |
| ફુદીનો | ૫૪૦ | ૬૨૦ |
| ટીંડોરા | ૪૫૦ | ૫૫૦ |
| બીટ | ૨૪૦ | ૪૯૦ |
| તુવેર | ૩૦૦ | ૪૫૦ |
| સરગવો | ૮૪૦ | ૧૦૩૦ |
| લીમડો મીઠો | ૩૦૦ | ૩૩૦ |
| મરચા લીલા | ૩૬૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૩૮૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૨૮૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૬૦ | ૪૪૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૬૪૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૮૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૪૦ | ૯૦૦ |
| પાલક | ૨૦૦ | ૩૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૪૬૬ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૫૯૦ | ૬૮૬ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૧૦૬ |
| સિંગ ફાડીયા | ૭૦૧ | ૧૨૯૧ |
| એરંડા / એરંડી | ૧૧૪૧ | ૧૩૦૧ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૪૫૧ |
| કલંજી | ૧૫૦૦ | ૩૬૫૧ |
| વરીયાળી | ૧૨૩૧ | ૧૩૦૧ |
| ધાણા | ૮૫૧ | ૧૫૮૧ |
| અડદ | ૧૧૨૧ | ૧૬૩૧ |
| મઠ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૧૫૧ | ૧૭૦૧ |
| રાયડો | ૮૦૦ | ૮૦૦ |
| મેથી | ૮૫૧ | ૧૧૩૧ |
| કાંગ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| સુરજમુખી | ૫૦૧ | ૫૦૧ |

| | | |
|---|---|---|
| મગફળી જાડી | ૬૫૧ | ૧૧૮૬ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૧૮૫૧ |
| તલ - તલી | ૧૭૦૧ | ૨૪૭૧ |
| ધાણી | ૯૫૧ | ૧૫૯૧ |
| ડુંગળી સફેદ | ૨૭૧ | ૩૭૧ |
| બાજરો | ૩૬૧ | ૫૦૧ |
| જુવાર | ૭૬૧ | ૮૩૧ |
| મકાઇ | ૫૩૧ | ૫૩૧ |
| મગ | ૧૧૯૧ | ૧૯૩૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૮૧ |
| વાલ | ૭૩૧ | ૧૧૯૧ |
| ચોળા / ચોળી | ૭૪૧ | ૨૪૫૧ |
| સોયાબીન | ૬૯૬ | ૮૨૧ |
| કળથી | ૭૫૧ | ૭૫૧ |
| ગોગળી | ૭૫૧ | ૯૪૧ |
| વટાણા | ૬૦૧ | ૬૦૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૮૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૩૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૧૫૧ |
| તલ કાળા | --- | ૪૧૪૨ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૨૪૦ |
| કપાસ | ૧૩૬૦ | ૧૪૭૪ |
| ઘઉં લોકવન | ૫૬૧ | ૭૨૦ |
| ઘઉં ટુકડા | ૬૭૮ | ૬૯૬ |
| બાજરો | ૪૦૧ | ૭૦૨ |
| જુવાર | ૪૬૦ | ૯૨૧ |
| મઠ | ૧૦૯૧ | --- |
| અડદ | ૧૨૪૮ | ૧૨૬૯ |
| ચણા | ૧૦૧૦ | ૧૧૨૨ |
| તુવેર | ૧૨૫૧ | ૧૬૨૬ |
| એરંડી | --- | ૧૨૧૬ |
| સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૫ | ૧૫૭૫ |
| કપાસ મીડીયમ | ૧૩૧૦ | ૧૪૦૦ |
| મગફળી ૨૦નં. | ૧૦૯૨ | ૧૧૪૮ |
| મગફળી બી.ટી. | ૯૮૮ | ૧૦૮૨ |
| સોયાબીન | ૭૬૫ | ૭૮૫ |
| ઘઉં | ૫૧૯ | ૬૮૧ |
| જીરૂ | ૩૯૬૫ | ૪૧૨૫ |
| તુવેર | ૧૨૪૫ | ૧૪૫૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૯૯ |
| ઘઉં લોકવન | ૫૩૨ | ૬૨૧ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૫૩ |
| ચણા | ૯૦૦ | ૧૧૩૫ |
| સોયાબીન | ૫૦૨ | ૭૭૩ |
| મગફળી | ૮૨૬ | ૧૦૧૬ |
| અડદ | ૧૧૬૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૨૨૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૪૫૦ |

| | | |
|---|---|---|
| શીંગદાણા | ૧૧૨૦ | ૧૨૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૧ | ૧૧૨૬ |
| તલ સફેદ | ૨૦૯૧ | ૨૦૯૧ |
| તલ પીળા | ૨૫૫૦ | ૨૫૮૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૨૫ |
| બાજરો | ૫૯૨ | ૬૧૯ |
| ઘઉં ટુકડા | ૫૯૦ | ૬૨૫ |
| જુવાર | ૬૦૦ | ૯૨૮ |
| મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૦૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૭૯૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૫૫ | ૧૪૫૦ |
| મગફળી | ૭૧૫ | ૧૦૨૬ |
| ઘઉં | ૫૨૫ | ૬૧૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ | ૨૦૫૫ | ૨૦૫૫ |
| અડદ | ૧૪૦૧ | ૧૪૦૧ |
| શીંગ દાણા | ૧૦૫૬ | ૧૧૫૧ |
| સોયાબીન | ૭૩૧ | ૭૫૯ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૭૫ | ૧૪૮૦ |
| મગફળી | ૯૬૦ | ૧૧૦૦ |
| જુવાર સફેદ | ૭૨૫ | ૭૨૫ |
| સોયાબીન | ૭૨૫ | ૭૫૦ |
| તુવેર | ૧૧૫૧ | ૧૫૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૧૦ |
| બાજરો | ૪૫૦ | ૫૩૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૫૮ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| મઠ | ૭૭૦ | ૯૦૦ |
| ચોળી | ૬૫૦ | ૨૦૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૭૨૫ | ૧૧૫૦ |
| મગફળ જીણી | ૯૦૦ | ૧૧૪૫ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૩૦ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૧૦ |
| તલ | ૧૭૪૦ | ૨૩૫૦ |
| લસણ | ૧૦૦૦ | ૨૫૧૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૨૯૦ |
| અજમો | ૨૧૦૦ | ૪૬૦૦ |
| ધાણા | ૭૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૫૨૦ |

| | | |
|---|---|---|
| મરચા સુકા | ૫૫૦ | ૩૭૫૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૮૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૮૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૨૧ |
| ચણા | ૮૫૧ | ૧૧૬૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૪૩૬ |
| મગફળી | ૭૦૦ | ૧૦૬૧ |
| શીંગફાડા | ૯૦૧ | ૧૧૨૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૦૧ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૧૯૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૨૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૮૬ | ૧૧૧૧ |
| મગફળી ૩૨ નં. | ૯૩૮ | ૧૦૬૯ |
| બાજરી હાઈબ્રીડ | ૫૪૦ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૬૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૧૧ |
| જુવાર | ૭૦૦ | ૯૧૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૭૫ |
| જા.તલ | ૨૩૦૦ | ૨૫૯૨ |
| સફેદ તલ | ૧૯૫૦ | ૨૨૫૨ |
| સોયાબીન | ૭૨૫ | ૮૨૧ |
| કપાસ | ૧૨૮૦ | ૧૪૭૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૫૧ | ૧૨૮૨ |
| શીંગ ૩૨ | ૯૭૦ | ૧૦૮૭ |
| શીંગ ૩૯ | ૯૩૯ | ૧૦૯૦ |
| શીંગ જી-૨૦ | ૧૦૨૦ | ૧૦૯૯ |
| એરંડા | ૧૨૫૫ | ૧૨૫૫ |
| જુવાર | ૪૩૨ | ૯૪૬ |
| બાજરી | ૪૪૧ | ૬૯૧ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૭૩૬ |
| મકાઈ | ૫૪૧ | ૫૪૧ |
| અડદ | ૭૫૦ | ૧૨૪૧ |
| મગ દેશી | ૧૧૦૦ | ૨૧૨૧ |
| મગ તરપતીયા | ૧૬૦૬ | ૧૬૦૬ |
| ચણા | ૭૦૦ | ૧૧૬૧ |
| તલ સફેદ | ૧૮૪૫ | ૨૨૦૩ |
| તલ પુરબીયા | ૨૦૩૮ | ૨૭૫૮ |
| તુવેર | ૧૧૨૦ | ૧૬૦૪ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૪૯૦ |
| ડુંગળી સફેદ | ૨૫૦ | ૪૧૧ |
| કપાસ શંકર | ૧૦૦૦ | ૧૪૩૭ |
| નાળીયેર | ૩૫૦ | ૨૧૪૪ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બાબરાથી મોટા દેવળીયા અને ધરાઈના રસ્તા બિસ્માર: કમરના દુ:ખાવાને આમંત્રણ!

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના રસ્તાઓની હાલત અત્યંત ખરાબ છે. ખાસ કરીને બાબરાથી ચમારડી થઈ મોટા દેવળીયા સુધીનો અને ધરાઈથી મોણપુર સુધીનો રસ્તો એટલો બિસ્માર છે કે જાણે "કમરના દુ:ખાવાને આમંત્રણ" આપતો હોય. ગુજરાત સરકારે થોડા દિવસો પહેલાં બાબરા તાલુકાના ગ્રામ્ય રસ્તાઓ માટે રૂ. ૧૨ કરોડની રકમ ફાળવી હતી પરંતુ, આ રકમમાંથી બાબરાથી મોટા દેવળીયા સુધીનો આખો રસ્તો બનાવવાને બદલે માત્ર અમુક કિલોમીટરના ટુકડા જ બનાવી સંતોષ માનવામાં આવ્યો છે. બાબરાથી દેવળીયા જતા રસ્તા પર ચમારડીથી વાવડી સુધીનો માત્ર ૪ કિમીનો રસ્તો નવો બનાવવામાં આવ્યો છે. એ જ રીતે, મોટા દેવળીયા ગામમાં પ્રવેશતા દેવળીયાથી ધરાઈ તરફ જતા માત્ર ૪ કિમીનો ટુકડો બનાવવામાં આવ્યો છે. આમ, બાબરાથી મોટા દેવળીયાના ૨૨ કિમીના રસ્તામાંથી આશરે ૧૨ થી ૧૩ કિમીનો રસ્તો જ સારો બનાવવામાં આવ્યો છે.



જે રસ્તાઓની ખરેખર જરૂર હતી તે રસ્તાઓ અધૂરા છોડી દેવામાં આવતા સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા આ રીતે અધૂરા કામ કરવાનું ગણિત લોકોના મગજમાં ઉતરતું નથી. આ ઉપરાંત, ધરાઈથી મોણપુરનો આશરે ૩ કિમીનો રસ્તો પણ અત્યંત બિસ્માર હાલતમાં છે. આ રસ્તા પર અનેક વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે અથવા તેમના વાહનોને ભારે નુકસાન થઈ રહ્યું છે. આ રસ્તા પરથી શાળાએ જતા વિદ્યાર્થીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. મોટા દેવળીયા, ધરાઈ, વાવડી અને ચમારડી ગામના લોકો મોટાભાગે બાબરામાં ખરીદી માટે જતા હોવાથી તેઓ પણ આ ખરાબ રસ્તાથી કંટાળી ગયા છે. ધરાઈથી દેવળીયા જતા રસ્તાની પણ આવી જ પરિસ્થિતિ છે. ત્યાં પણ મોટા ખાડાઓના કારણે લોકોને મુસાફરી કરવામાં મુશ્કેલી પડે છે. બાબરાથી દેવળીયા જતા તમામ ગામના લોકો તંત્રને તાત્કાલિક આ રસ્તાનું કામ કરવાની અપીલ કરે છે. જેથી કરીને મોટા અકસ્માતોને ટાળી શકાય.

# ગીર અભયારણ્યમાં સુજલામ સુફલામ જળ અભિયાન, ખેડૂતોને માટી ઉપાડવાની મંજૂરી આપવા રજૂઆત

અમરેલી, તા.૨૩

ગુજરાત સરકારની મહત્વપૂર્ણ સુજલામ સુફલામ જળસંચય યોજના અંતર્ગત, ડેમો, ચેકડેમો અને તળાવોને ઊંડા ઉતારવાનું કાર્ય ચાલી રહ્યું છે. આ યોજના હેઠળ ખેડૂતો વિનામૂલ્યે ફળદ્રુપ માટી કાંપ લઈ તેનો ખેતીમાં ઉપયોગ કરી શકે છે, જેનાથી જળ સંગ્રહ ક્ષમતામાં પણ વધારો થાય છે. આ સંદર્ભમાં, ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી હિરેનભાઈ હીરપરાએ રાજ્યના



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાને એક મહત્વપૂર્ણ રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે ગીર અભયારણ્ય અને ઈકો સેન્સેટીવ ઝોનમાં આવેલા તળાવો, ડેમો અને ચેકડેમોમાંથી માટી-કાંપ ઉપાડવામાં ન આવતા પાણીના સ્ટોરેજની ક્ષમતા ઘટી છે. તેમણે "જળ છે તો ખેતી, વન્યપ્રાણી અને પ્રકૃતિ સાથે જીવન છે" ના સૂત્ર સાથે સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત વન વિભાગ હેઠળના ગામોના ખેડૂતોને વિનામૂલ્યે માટી-કાંપ ઉપાડવાની પરવાનગી આપવા અને તૂટેલા ચેકડેમો તથા પાળાઓનું સમારકામ હાથ ધરવા વિનંતી કરી છે.

# ધોરાજીમાં ૩.૭૦ કરોડની ગૌચર જમીન ઉપર થયેલાં દબાણ દૂર

ધોરાજી, તા.૨૩



ધોરાજી તાલુકાના છત્રાસા ગામ ખાતે ગૌચર જમીન પર થયેલાં દબાણો દૂર કરવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લાના કલેક્ટર પ્રભાવ જોશીના માર્ગદર્શન હેઠળ ડેપ્યુટી કલેક્ટર નાગાર્જુન તરખાલાએ છેલ્લા ૨૦ દિવસથી શહેર અને તાલુકામાં દબાણ હટાવની ઝુંબેશ હાથ ધરી છે. કાર્યવાહીના ભાગરૂપે, ગ્રામ પંચાયત છત્રાસામાં સર્વે નંબર ૫૦૩ પૈકીની જમીનમાં કુલ ૧,૧૮,૪૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ખેતી અને બાંધકામ માટેનાં દબાણ દૂર કરવામાં આવ્યા છે. આ જમીનની અંદાજિત બજાર કિંમત રૂપિયા ૩ કરોડ ૭૦ લાખ થાય છે.

# ગાંધીનગર ખાતે આવતીકાલે રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી થશે

ગાંધીનગર,તા.૨૩

તા.૨૫ જાન્યુઆરીના રોજ ગાંધીનગર સ્થિત ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે ૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં આયોજીત આ ઉજવણીમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારનો સંદેશ પણ પ્રસારિત કરવામાં આવશે. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા ઉત્તમ કામગીરી કરનાર જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓને પુરસ્કાર આપવામાં આવશે. સાથે સાથે યુથ વોટર ફેસ્ટિવલ-૨૦૨૪ની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા મતદારોને પણ પુરસ્કૃત કરવામાં આવશે. રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીના ભાગરૂપે શાંતિપૂર્ણ અને નૈતિક મતદાનના માધ્યમથી લોકતાંત્રિક મૂલ્યોને જાળવી રાખવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા મતદાર શપથ ગ્રહણ કરાવવામાં આવશે. ભારતના ચૂંટણી પંચ દ્વારા સતત ૧૫મા વર્ષે થનાર રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી "Nothing Like Voting, I Vote For Sure" ની થીમ પર કરવામાં આવશે. વિશ્વની સૌથી મોટી લોકશાહીના અમૂલ્યાધિકાર તરીકે પ્રાપ્ત થતા મતાધિકાર અંગે જાગૃતિ કેળવાય અને દેશના તમામ પાત્ર નાગરિકો ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થાય તેવા ઉદેશ સાથે રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવશે. રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્ય કક્ષાની ઉજવણીમાં ભારતના ચૂંટણી પંચના પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એ.કે. જોતિ, રાજ્ય ચૂંટણી પંચના પૂર્વ ચૂંટણી કમિશનર સંજય પ્રસાદ, રાજ્ય ચૂંટણી પંચના કમિશનર એસ. મુરલીક્રિશ્ન, ડિપાર્ટમેન્ટ ઑફ ગુજરાત સ્ટેટ ટેક્ષના સ્પેશ્યલ કમિશનર શ્રીમતિ પી. ભારતી, ગાંધીનગર જિલ્લા કલેક્ટર એમ.કે. દવે તથા રાજ્યના ચૂંટણી તંત્ર સાથે જોડાયેલા અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્ય કક્ષાની ઉજવણીમાં દરેક જિલ્લા અને તાલુકા મથકોએથી જિલ્લા ચૂંટણી અધિકારીઓ તથા ચૂંટણી તંત્ર સાથે સંકળાયેલા અધિકારી-કર્મચારીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજીક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

# ધોરાજીમાં નગરપાલિકાની ચૂંટણી પૂર્વે આમઆદમીપાર્ટીનાસંગઠનનીરચના

ધોરાજી,તા.૨૩



ધોરાજીમાં આવનારી નગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષીને આમ આદમી પાર્ટી દ્વારા મિટિંગ યોજાઈ હતી. પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંતભાઈ ખવા અને રાજકોટ જિલ્લા પ્રમુખ તેજસભાઈ ગાજીપરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ મિટિંગમાં ધોરાજી શહેર પ્રમુખ તરીકે એડવોકેટ અરવિંદભાઈ કાપડિયા અને ધોરાજી તાલુકા પ્રમુખ તરીકે અંકિતભાઈ ટીલવાની નિમણૂક કરવામાં આવી હતી. તમામ કાર્યકરોને નવનિયુક્ત પ્રમુખના નેજા હેઠળ કામે લાગી જવા તાકીદ કરાઈ છે.

# વાંચન, ચિંતન અને કલ્પના સમસ્યાનું સમાધાન: શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજમાં વિચારોનું વાવેતર

સુરત,તા.૨૩

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા આયોજિત ૯૫મા થર્સ-ડે થોટ કાર્યક્રમમાં વક્તાઓએ મહત્વના વિચારો રજૂ કર્યા હતા. કાનજી ભાલાળાએ પ્રતિભા કેળવવા માટે વાંચન, ચિંતન અને મનન પર ભાર મૂક્યો અને જણાવ્યું કે અવલોકન, વાંચન અને કલ્પના જ સમસ્યાનું સમાધાન શોધે છે. તેમણે કુદરતી સહજ જીવન અને




જનહિતને જીવન ઘડતરનો પાયો ગણાવ્યો હતો. માત્ર ૧૭ વર્ષની ઉંમરે ઈસરોમાં જુનિયર સાયન્ટિસ્ટ બનેલા જયનીલ ગીરનારે જ્ઞાનના સ્ત્રોત તરીકે સનાતન ધર્મના પુસ્તકોનું મહત્વ જણાવ્યું હતું. તેમણે રાષ્ટ્ર માટે શ્રેષ્ઠ કર્મ કરવાની વાત કરી અને ભવિષ્યમાં ભારતની આર્થિક પ્રગતિ વિશે આશા વ્યક્ત કરી. તેમણે યુવાધનને મોબાઈલ અને સોશિયલ મીડિયાથી દૂર રહેવાની સલાહ આપી. કાર્યક્રમમાં એચ.વી. વિદ્યાલયના ટ્રસ્ટી દિનેશભાઈ ગોંડલીયાએ જયનીલની સિદ્ધિઓને બિરદાવી હતી. આ પ્રસંગે દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કૌશલ વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં અદ્યતન રીડિંગ લાયબ્રેરીનો પ્રારંભ: ખોડલધામ ટ્રસ્ટની યુવા પેઢીને ભેટ

રાજકોટ,તા.૨૩

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો માટે અદ્યતન રીડિંગ લાયબ્રેરી શરૂ કરવામાં આવી છે. ૨૧ જાન્યુઆરીના રોજ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ અને શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાના હસ્તે આ લાયબ્રેરીનું ઉદ્ઘાટન



કરવામાં આવ્યું હતું. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગરના સરગાસણ ચોકડી સ્થિત નક્ષત્ર બિલ્ડિંગમાં ત્રીજા માળે આ લાયબ્રેરી બનાવવામાં આવી છે, જ્યાં એકસાથે ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ શાંત વાતાવરણમાં અભ્યાસ કરી શકશે. ઉદ્ઘાટન સમારોહમાં મહેમાનોએ દીપ પ્રાગટ્ય કર્યું હતું અને સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટના પ્રમુખ હરેશભાઈ પરસાણાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. મંત્રીઓનું ખોડલધામનો ખેસ અને મા ખોડલની પ્રતિમા આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# મૂળ દ્વારકાને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા આવેદનપત્ર અપાયું

ગીર સોમનાથ,તા.૨૩

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં આવેલા મૂળ દ્વારકાને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા માટે જિલ્લા શિવસેના દ્વારા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. શિવસેનાએ આ કામગીરી વહેલી તકે શરૂ કરવાની માંગ કરી છે. મૂળ દ્વારકા ગામમાં દરિયા કિનારે ટેકરી પર આવેલું પૌરાણિક મંદિર, મીઠા પાણીનો કૂવો અને અનેક ગુફાઓ જેવા આકર્ષણો આવેલા છે. આ



સ્થળે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે તેમજ પ્રવાસીઓ હરવા-ફરવા માટે આવે છે. ગીર સોમનાથ જિલ્લા શિવસેનાના પ્રમુખ રાજુભાઈ બામણીયા અને અન્ય કાર્યકરોએ આ સ્થળના વિકાસ માટે કલેકટરને રજૂઆત કરી હતી. પૌરાણિક અને ધાર્મિક મહત્વને ધ્યાનમાં રાખીને તેને પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવાની માંગ કરવામાં આવી છે.

# ગોંડલના ૧૬૫ વર્ષ જૂના ભુરાબાવાના ચોરામાં મહાઆરતી યોજાઈ

ગોંડલ,તા.૨૩

ગોંડલનાં ૧૬૫ વર્ષ જૂના ઐતિહાસિક ભુરાબાવાના ચોરાનો જીર્ણોધ્ધાર કરાયાને એક વર્ષ પૂર્ણ થતા બુધવારે મહાઆરતીનું આયોજન કરાયું



હતું. સાથે આ ચોકનું અયોધ્યા ચોક નામકરણ કરાયું હતું. હજારો લોકોએ મહાઆરતીનો લ્હાવો લીધો હતો. રાજાશાહી સમયનાં ભુરાબાવાના ચોરાનો જીર્ણોધ્ધાર કરવાનો વિચાર નાગરિક બેંકના ચેરમેન અશોકભાઈ પીપળીયાએ કર્યો હતો, પછી પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ દાતાની ભૂમિકા ભજવી હતી. એક વર્ષ પહેલા અયોધ્યામાં રામ મંદિરના લોકાર્પણના દિવસે જ જીર્ણોધ્ધાર કરાયેલા ભુરાબાવાનાં ચોરાને ફરી ધબકતો કરી રામદરબારની આરતી ઉતારવામાં આવી હતી.

# ધોરાજીની રોયલ સ્કૂલમાં રોડ સેફ્ટી પ્રોગ્રામનું આયોજન કરાયું

ધોરાજી, તા.૨૩

પોરબંદર જેતપુર ટોલવેઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સ્થાનિક પોલીસ સાથે મળીને ધોરાજીની રોયલ સ્કૂલ ખાતે રોડ સેફ્ટી પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમો, રોડ સેફ્ટી પગલાં અને અકસ્માત નિવારણના મહત્વ વિશે શિક્ષિત કરવાનો હતો. આ કાર્યક્રમમાં ટોલ પ્લાઝા મેનેજર



અમિત સિંહ, રોયલ સ્કૂલના સંચાલક રાજેશભાઈ પેથાણી, ધોરાજી સ્થાનિક પોલીસ અધિકારીગણ, વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓના ટ્રાફિક સમસ્યા અને અકસ્માત નિવારવા માટેના સવાલોના જવાબો ઉપસ્થિત મહાનુભાવોએ આપ્યા હતા.

# ગીરગઢડાના ફાટસરમાં આંબેડકર હોલ અને પેવર બ્લોકનું ખાતમુહૂર્ત



ગીરગઢડા,તા.૨૩

ગીરગઢડા તાલુકાના ફાટસર ગામે આજે એક મહત્વપૂર્ણ વિકાસ કાર્યની શરૂઆત થઈ હતી. રૂ. ૫ લાખના ખર્ચે નિર્માણ પામનાર નવા આંબેડકર હોલ અને રૂ. ૨ લાખના ખર્ચે થનારા પેવર બ્લોકના કામનું ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આમ કુલ રૂ. ૭ લાખના વિકાસ કાર્યોનો શુભારંભ થયો. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોન્ધરા, ગીરગઢડા તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવીણભાઈ સાંખટ, જિલ્લા પંચાયતના સદસ્ય દકુભાઈ દોમડીયા, તાલુકા પંચાયતના સદસ્ય ગણેશભાઈ વાડદોડીયા, ફાટસરના સરપંચ કનુભાઈ જસાણી અને પૂર્વ સરપંચ રામજીભાઈ પરમાર સહિત ગામના અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર,
શીતલબેન ભાવેશકુમાર પટેલ. મારું જૂનું નામ
શીતલબહેન ભાવેશ પટેલ થી બદલીને
શીતલબેન ભાવેશકુમાર પટેલ કરવામાં આવ્યું છે.
તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//-

અપીલ અરજી નં.૩૫/૨૦૨૪

**અરજદાર** :- શ્રી પરશોતમભાઈ હરજીભાઈ પટેલ
રહે.ચકકરગઢ રોડ, કાનાણીની વાડી, તા/જી.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ. અમરેલી તા/જી-અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં પરશોતમભાઈ હરજીભાઈ પટેલએ તેમના પુત્ર પટેલ ભરતકુમાર પરશોતમનો જન્મ (તા.૧૭/૧૧/૧૯૬૯)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૪/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

**સહી**
**(જી.જી.બાવીસા)**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//-

અપીલ અરજી નં.૩૨/૨૦૨૪

**અરજદાર** :- શ્રી પરશોતમભાઈ હરજીભાઈ પટેલ
રહે. ચકકરગઢ રોડ, કાનાણીની વાડી તા/જી.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ. અમરેલી તા/જી-અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં પરશોતમભાઈ હરજીભાઈ પટેલએ તેમના પુત્ર દેવસંગભાઈ પરશોતમભાઈ પટેલનો જન્મ (તા.૦૩/૦૧/૧૯૬૭)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૪/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

**સહી**
**(જી.જી.બાવીસા)**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

# પરાક્રમ દિવસ પર સુભાષચંદ્ર બોઝને પુષ્પાંજલિ અર્પણ કરતા પીએમ મોદી

નવીદિલ્હી,તા.૨૩



દર વર્ષે ૨૩ જાન્યુઆરીને ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાની નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મજયંતિ નિમિત્તે પરાક્રમ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગુરુવારે પરાક્રમ દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ નેતાજી સુભાષ ચંદ્ર બોઝને પુષ્પાંજલિ આપી હતી. પીએમ મોદીએ કહ્યું કે આપણે નેતાજીએ જે ભારતની કલ્પના કરી હતી તે જ ભારતનું નિર્માણ કરવા માટે કામ કરી રહ્યા છીએ. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૧ માં, કેન્દ્ર સરકારે ૨૩ જાન્યુઆરીએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝના જન્મદિવસને પરાક્રમ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. પીએમ મોદીએ ગુરુવારે કહ્યું કે નેતાજી સુભાષ ચંદ્ર બોઝના આદર્શો અને ભારતની સ્વતંત્રતા પ્રત્યેનું તેમનું અતૂટ સમર્પણ આપણને પ્રેરણા આપે છે. પીએમ મોદીએ સંવિધાન સદન (જૂના સંસદ ભવન) ના સેન્ટ્રલ હોલમાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝના ચિત્રને પુષ્પાંજલિ પણ અર્પણ કરી હતી. આ દરમિયાન, પીએમ મોદીની સાથે, લોકસભા સ્પીકર ઓમ બિરલા, રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને અન્ય ઘણા કેન્દ્રીય પ્રધાનો અને સાંસદો હાજર રહ્યા હતા.

# હૈદરાબાદમાં નિવૃત જવાને પત્નીની હત્યા કર્યા બાદ લાશના ટુકડાને કુકરમાં ઉકાળી ફેંકી દીધા

હૈદરાબાદ,તા.૨૩



તેલંગાણાના હૈદરાબાદમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે. એક વ્યક્તિએ તેની પત્નીની હત્યા કરી, તેના શરીરના ટુકડા કરી, તેને કૂકરમાં ઉકાળીને ફેંકી દીધા હતા.

આરોપી પતિએ પહેલા પોલીસની સામે ડોળ કર્યો, પરંતુ જ્યારે તેની હરકતો પર શંકા ગઈ તો પોલીસે કડક કાર્યવાહી કરી અને તેણે પોતાનો ગુનો કબૂલી લીધો. તેણે પૂછપરછ દરમિયાન એ પણ જણાવ્યું કે તેણે આવો જઘન્ય ગુનો શા માટે કર્યો ? પોલીસે આરોપીના કહેવાથી શરીરના અંગો કબજે કરી હત્યાનો ગુનો નોંધ્યો છે. પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, આ ઘટના હૈદરાબાદના રંગારેડ્ડી જિલ્લાના મીરપેટ વિસ્તારમાં બની હતી, જે રચાકોંડા કમિશનરેટ હેઠળ આવે છે. હત્યારો સેનાનો નિવૃત્ત જવાન છે. તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. તેનું નામ ગુરુમૂર્તિ છે, જે દાંડુપલ્લી ગામનો રહેવાસી છે. સેનામાંથી નિવૃત્ત થયા બાદ તે DRDOમાં આઉટસોર્સ સિક્યુરિટી ગાર્ડ હતો. મૃતકની ઓળખ વેંકટ માધવી તરીકે થઈ હતી, જેની સાથે ગુરુમૂર્તિના લગ્ન ૧૩ વર્ષ પહેલા થયા હતા. તેને ૨ બાળકો પણ છે.

# કેનેડામાં પંજાબી યુવાનની ગોળી મારીને કરાઈ હત્યા

જલંધર,તા.૨૩

કેનેડામાં એક પંજાબી યુવકની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મૃતકની ઓળખ ૨૯ વર્ષીય ગુરવિંદર ઉપ્પલ તરીકે થઈ છે. કેનેડાના ડેલ્ટા સિટીમાં એક યુવાનની હત્યા કરવામાં આવી છે. ડેલ્ટા સિટી પોલીસે જણાવ્યું હતું કે ગુરવિંદર ઉપ્પલને એક ગેંગના શૂટરોએ ગોળી મારી હતી.

૧૧૨ બી સ્ટ્રીટના ૮૧૦૦ બ્લોકમાં ગોળીબારના અહેવાલ મળતાં અધિકારીઓએ તાત્કાલિક કાર્યવાહી કરી અને એક યુવાન ગંભીર હાલતમાં મળી આવ્યો, જેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ગોળીબારના થોડા સમય પછી, બ્લેક ડ્રાઈવના ૭૩૦૦ બ્લોકમાં એક સફેદ ટ્રક સળગતી હાલતમાં મળી આવ્યો હતો, જે આ ઘટના સાથે સંબંધિત હોવાનું માનવામાં આવે છે. એવી શંકા છે કે ફોરેન્સિક તપાસ અટકાવવા માટે ગોળીબાર કરનારાઓએ હત્યા કર્યા પછી તેમના વાહનને આગ લગાવી દીધી હતી.

# મહારાષ્ટ્રના લાતુરમાં બર્ડ ફ્લૂનો ખતરો, હજારો મરઘીનાં બચ્ચાઓના મૃત્યુથી ગભરાટ

(એચ.એસ.એલ),લાતુર,તા.૨૩



બર્ડ ફ્લૂના ભય વચ્ચે, મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં એક પોલ્ટ્રી ફાર્મમાં લગભગ ૪,૨૦૦ બચ્ચા મૃત હાલતમાં મળી આવ્યા હતા. મળતી માહિતી મુજબ, લાતુર જિલ્લાના અહમદપુર તાલુકાના ધલેગાંવમાં એક પોલ્ટ્રી ફાર્મમાં લગભગ ૪૨૦૦ બોઈલર બચ્ચાઓ અચાનક મૃત્યુ પામ્યા હતા. આ બચ્ચાઓના નમૂનાઓ પરીક્ષણ માટે પુણેની પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બચ્ચાઓ બે થી ત્રણ દિવસના સમયગાળામાં મૃત્યુ પામ્યા હતા અને મરઘાં ફાર્મના માલિકે તાત્કાલિક અધિકારીઓને જાણ કરી ન હતી, જેના કારણે ચેપ ફેલાયો અને ૪,૫૦૦ બચ્ચાઓમાંથી ૪,૨૦૦ બચ્ચાઓના મોત થયા હતા. અહમદપુર પશુચિકિત્સા હોસ્પિટલના ડેપ્યુટી કમિશનર ડૉ. શિવાજી ક્ષીરસાગરે મરઘાં ફાર્મના માલિકોને અપીલ કરી છે કે તેઓ તેમના કેન્દ્રોની નોંધણી કરાવે અને આવી ઘટનાઓ વિશે સ્થાનિક અધિકારીઓને જાણ કરે. અગાઉ ઉદગીરમાં બર્ડ ફ્લૂને કારણે ૫૦ થી ૧૦૦ કાગડાઓના મોત થયા હતા.

# કીર્તિ તોરણ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી, કર્તવ્યપથ પર ગુજરાતની ભવ્ય ઝાંખી જોવા મળશે

અમદાવાદ,તા.૨૩

આ વર્ષે નવી દિલ્હીમાં ૭૬મા કર્તવ્ય પથ પર પ્રજાસત્તાક દિવસના ટેબ્લોની થીમ સુવર્ણ ભારતઃ વારસો અને વિકાસ છે. આ પ્રસંગે, ગુજરાત દ્વારા એક ખાસ ટેબ્લો રજૂ કરવામાં આવી રહ્યો છે. આનાથી માત્ર રાજ્ય જ નહીં પરંતુ રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસા અને વિકાસને ખૂબ જ અસરકારક રીતે સાકાર કરવામાં આવશે. ગુજરાતના ટેબ્લોમાં ૧૨મી સદીના સોલંકી યુગના વડનગર એટલે કે આનર્તપુરના કીર્તિ તોરણથી લઈને ૨૧મી સદીના અજાયબી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીના સાંસ્કૃતિક વારસાનું પ્રદર્શન કરવામાં આવશે, સાથે જ સંરક્ષણ, ટેકનોલોજી, ઓટોમોબાઈલ અને અન્ય ક્ષેત્રોમાં રાજ્યની આત્મનિર્ભરતા દર્શાવતા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ પણ રજૂ કરવામાં આવશે. ગુજરાત દ્વારા એક ખાસ ટેબ્લો રજૂ પ્રભાવશાળી પ્રદર્શન કરવામાં આવશે.

# વારાણસીમાં ૨૫ ટકા સરકારી મિલકતો વકફના કબજામાં : વહીવટીતંત્રે યુપી સરકારને રિપોર્ટ મોકલ્યો

(એચ.એસ.એલ),લખનૌ,તા.૨૩



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સરકાર રાજ્યમાં વકફ બોર્ડની મિલકતો અંગે સર્વે કરી રહી છે. આવી સ્થિતિમાં, તાજેતરમાં બાબા વિશ્વનાથના નગર વારાણસીમાં વકફ બોર્ડની મિલકતો અંગે એક સર્વે હાથ ધરવામાં આવ્યો છે, જેમાં એવું બહાર આવ્યું છે કે વારાણસીમાં ૨૫ ટકા સરકારી જમીન વકફ બોર્ડના કબજામાં છે. રિપોર્ટ મુજબ, વારાણસી જિલ્લામાં કુલ ૧૬૩૭ વકફ મિલકતોમાંથી ૪૦૬ સરકારી જમીન પર છે. વારાણસીના એડીએમ (નાણા અને મહેસૂલ) સુશ્રી વંદિતા શ્રીવાસ્તવે ટીવી ૯ ડિજિટલને જણાવ્યું હતું કે યુપી સુન્ની વકફ બોર્ડ અને શિયા વકફ બોર્ડની તમામ ૧૬૩૭ મિલકતોની ચકાસણી કરવામાં આવી છે. ચકાસણી બાદ મળેલા રિપોર્ટમાં જાણવા મળ્યું કે ૪૦૬ મિલકતો સરકારી જમીન પર હતી. આમાંના મોટાભાગની જમીન પર કબ્રસ્તાન બનેલા છે. રિપોર્ટ તૈયાર કરીને સરકારને મોકલવામાં આવ્યો છે. આદેશ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

# રાજૌરીના બધાલ ગામમાં રહસ્યમય બીમારથી ૧૭ લોકોના મોત

રાજૌરી, તા.૨૩

જમ્મુ-કાશ્મીરના રાજૌરીના બધાલ ગામને કન્ટેઈનમેન્ટ ઝોન બનાવવામાં આવ્યું છે. અહીં ૪૪ દિવસમાં એક રહસ્યમય બીમારીને કારણે ૩ પરિવારોના ૧૭ લોકોના મોત થયા બાદ બુધવારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે અહીં ભીડ ભેગી કરવા પર પણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. મંગળવારે વધુ એક અને બુધવારે વધુ બે દર્દી મળ્યા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મંગળવારે ૨૫ વર્ષના યુવક એજાઝ અહેમદની તબિયત લથડી હતી. અગાઉ તેને જીએમસી જમ્મુ લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ પીજીઆઈ ચંદીગઢ રીફર કરવામાં આવ્યો હતો. ગામમાં મોતનું કારણ હજુ સુધી સામે આવ્યું નથી. ગામમાં ૭ ડિસેમ્બરથી ૧૯ જાન્યુઆરીની વચ્ચે શંકાસ્પદ સંજોગોમાં આ મૃત્યુ થયા હતા. મંગળવારે મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા ગામનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા.

# રાજસ્થાન સહિત પાંચ રાજયોમાં વરસાદ થવાની હવામાન વિભાગની આગાહી

દિલ્હી,તા.૨૩



બુધવારે મોડી રાત્રે દિલ્હી NCRમાં હળવો વરસાદ થયો હતો. જેના કારણે ગુરુવારે સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું. ધુમ્મસના કારણે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઘણી ફ્લાઈટ્સ મોડી પડી હતી. હવામાન વિભાગે કહ્યું કે આગામી દિવસોમાં દિલ્હીમાં ઠંડી વધી શકે છે. ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ, વારાણસી, અયોધ્યા તેમજ પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં ગાઢ ધુમ્મસ છવાયું હતું. પંજાબ, હરિયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, દિલ્હી NCR અને ઉત્તર રાજસ્થાનમાં વરસાદની શક્યતા છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના પહાડી રાજ્યોમાં સતત ચોથા દિવસે હિમવર્ષા થઈ હતી. હિમાચલ પ્રદેશના અનેક જિલ્લાઓમાં પણ વરસાદ પડી રહ્યો છે. કેટલાક જિલ્લાઓમાં તાપમાનમાં પણ વધારો થયો હતો. ગુરુવારે હિમાચલના ૫ જિલ્લામાં ધુમ્મસ અને કોલ્ડવેવનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. રાજ્યમાં ૨૮મી સુધી આવું વાતાવરણ આવુ રહેશે.

# ઈસરોએ અવકાશયાન ડોકીંગની જટિલ ટેકનોલોજીનું સફળતાપૂર્વક પ્રદર્શન કર્યું

નવીદિલ્હી,તા.૨૩

૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) એ માનવરહિત અવકાશયાન ડોકીંગમાં ઐતિહાસિક સફળતા હાંસલ કરી છે. ઈસરોએ અવકાશયાન ડોકીંગની જટિલ ટેકનોલોજીનું સફળતાપૂર્વક પ્રદર્શન કરીને અવકાશ સંશોધન ક્ષેત્રે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું. ભારત હવે આ ટેકનોલોજીમાં સફળતા મેળવનારા દેશોની યાદીમાં જોડાઈ ગયું છે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સ, રશિયા અને ચીનનો સમાવેશ થાય છે જેમણે આ સિદ્ધિ મેળવી લીધી છે. આ સફળતા સ્પેસ ડોકિંગ એક્સપેરિમેન્ટ (સ્પેડેક્સ) મિશનને આભારી હતી, જેમાં બે નાના અવકાશયાન - લક્ષ્ય અને ચેઝર - ડોક કરવામાં આવ્યા હતા. બંને વાહનોનું સંયુક્ત વજન આશરે ૨૨૦ કિલો હતું. આ વાહનો ૩૦ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ ભારતીય નિર્મિત PSLV રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યા હતા અને પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યા હતા.

# લોસ એન્જલસમાં આગનું ભયાનક સ્વરૂપ, ૫૦,૦૦૦ લોકોને સ્થળાંતર કરવાનો આદેશ

કેલિફોર્નિયા, તા.૨૩



દક્ષિણ કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં લાગેલી ભયાનક આગ દિવસેને દિવસે વધુ ભયાનક બનતી જાય છે. ''હ્યુજીસ ફાયર'' નામની આ ઝડપથી ફેલાતી આગ ત્યાંના લોકો માટે એક મોટી આફત બની છે. અસર એટલી ગંભીર છે કે લોકોને પોતાના ઘર છોડવાની ફરજ પડી છે. દરમિયાન, આગની વધતી અસરને ધ્યાનમાં રાખીને, બુધવારે આ વિસ્તારમાંથી વધુ ૫૦,૦૦૦ લોકોને સ્થળાંતર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે હ્યુજીસમાં આગ મોડી સવારે લાગી હતી અને થોડા કલાકોમાં જ ૩૯ ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં વૃક્ષો અને છોડ બળીને ખાખ થઈ ગયા હતા. આના કારણે, કાસ્ટેઇક તળાવ નજીક કાળા ધુમાડાના ગોટેગોટા ઉડતા જોવા મળ્યા. એલએ કાઉન્ટી શેરિફ રોબર્ટ લુનાએ જણાવ્યું હતું કે ૩૧,૦૦૦ થી વધુ લોકોને સ્થળાંતર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે અને અન્ય ૨૩,૦૦૦ લોકોને સ્થળાંતર કરવાની ચેતવણી આપવામાં આવી છે. રાષ્ટ્રીય હવામાન સેવાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આગ વિશે માહિતી પૂરી પાડી હતી.

# અત્યાર સુધીમાં ૧૦ કરોડ લોકોએ મહાકુંભ મેળામાં ડુબકી લગાવી

પ્રયાગરાજ,તા.૨૩

મા ગંગા, મા યમુના અને અદ્રશ્ય મા સરસ્વતીના પવિત્ર સંગમ પર શ્રદ્ધા અને ભક્તિથી ભરેલા સંતો, ભક્તો, કલ્પવાસીઓ, સ્નાન કરનારાઓ અને ગૃહસ્થોના સ્નાને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. ગુરુવારે, મહાકુંભમાં સ્નાન કરનારા લોકોની સંખ્યા ૧૦ કરોડને વટાવી ગઈ હતી, જેનાથી એક નવો ઈતિહાસ રચાયો હતો. બપોરે ૧૨ વાગ્યે ડેટા જાહેર થતાં જ સ્નાન કરનારાઓની સંખ્યા ૧૦ કરોડનો આંકડો પાર કરી ગઈ છે. દરરોજ લાખો શ્રદ્ધાળુઓ મહાકુંભમાં પવિત્ર સ્નાનનો લાભ મેળવી રહ્યા છે. સ્નાન મહોત્સવ દરમિયાન આ સંખ્યા કરોડો સુધી પહોંચી રહી છે. ઉલ્લેખનીય છે કે યોગી સરકારનો અંદાજ છે કે આ વખતે મહાકુંભમાં ૪૫ કરોડથી વધુ લોકો હાજરી આપશે. મહાકુંભની શરૂઆતમાં જ ૧૦ કરોડ સ્નાન કરનારાઓની સંખ્યાને પાર કરવી એ સરકાર દ્વારા કરવામાં આવેલા સચોટ અંદાજનો સંકેત છે.

# ભારતે ક્યારેય પાકિસ્તાન સાથે વેપાર બંધ કર્યો નથી : વિદેશ મંત્રી જયશંકર

વોશિંગ્ટન,તા.૨૩



શું ભારત અને પાકિસ્તાન વચ્ચે વેપારના બહાને સંબંધો ફરી સ્થાપિત થવા જઈ રહ્યા છે, શું ભારત તેના પાડોશી સાથે વેપાર પુનઃસ્થાપિત કરવા માટે સંમત થયું છે, શું ભારત અને પાકિસ્તાન વચ્ચે બગડેલી સમસ્યા વોશિંગ્ટનમાં ઉકેલાઈ ગઈ છે, શું એવું થયું છે? શું પાકિસ્તાને વાત કરી છે? એસ જયશંકર અમેરિકામાં ? વિદેશ મંત્રી એસ જયશંકરે પાકિસ્તાન સાથે ભારત દ્વારા વેપાર ફરી શરૂ કરવાની શક્યતાઓ પર ચર્ચા કેમ કરી ? હકીકતમાં, વોશિંગ્ટનમાં એક પ્રેસ કોન્ફરન્સમાં, જયશંકરને પાકિસ્તાન સાથે વેપાર સંબંધો ફરી શરૂ કરવા અંગે એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ પ્રશ્નના જવાબમાં જયશંકરે કહ્યું, ''ગયા વર્ષથી, પાકિસ્તાન સાથે વેપારના મુદ્દા પર કોઈ ચર્ચા થઈ નથી કે તેમના તરફથી કોઈ પહેલ કરવામાં આવી નથી.'' તેમણે એમ પણ કહ્યું કે ભારતે ક્યારેય પાકિસ્તાન સાથે વેપાર બંધ કર્યો નથી, પરંતુ આ સંદર્ભમાં પાકિસ્તાન સરકારે ૨૦૧૯ માં નિર્ણય લીધો હતો. જયશંકરે કહ્યું કે અમે પાકિસ્તાનને મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો આપતા હતા. 'શરૂઆતથી જ અમને રસ હતો કે ભારતને પણ મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો મળે, પરંતુ તેમણે અમને આ દરજ્જો આપ્યો નહીં. ભારત દ્વારા જમ્મુ અને કાશ્મીરને વિશેષ જોગવાઈઓ આપતી બંધારણની કલમ ૩૭૦ રદ કરવાના બદલામાં, ઈમરાન ખાનના નેતૃત્વ હેઠળની તત્કાલીન પાકિસ્તાન સરકારે ઓગસ્ટ ૨૦૧૯ માં તમામ દ્વિપક્ષીય વેપાર સ્થગિત કરી દીધો હતો.

# હું ઈચ્છું છું કે ફક્ત સક્ષમ લોકો જ અમેરિકામાં આવે : રાષ્ટ્રપતિ ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૨૩



અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેમને એચ--૧બી વિઝા પર બંને પક્ષો વચ્ચેની ચર્ચા પસંદ છે. અમેરિકાને લાયક અને કાર્યક્ષમ લોકોની જરૂર છે, જે આ વિઝા પ્રોગ્રામ દ્વારા જ શક્ય છે. હું ઈચ્છું છું કે માત્ર ખૂબ જ સક્ષમ લોકો આપણા દેશમાં આવે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે તેમણે પોતે એચ-૧બી વિઝા પ્રોગ્રામનો ઉપયોગ કર્યો છે. એચ-૧બી વિઝા એ નોન-ઈમિગ્રન્ટ વિઝા છે. તે અમેરિકન કંપનીઓને ટેકનિકલ કુશળતાની જરૂર હોય તેવા વ્યવસાયોમાં વિદેશી કામદારોને રાખવાની મંજૂરી આપે છે. ટેક્નોલોજી કંપનીઓ આ વિઝા પ્રોગ્રામ દ્વારા ભારત અને ચીન જેવા દેશોમાંથી દર વર્ષે હજારો કર્મચારીઓને હાયર કરે છે.

અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું, મને બંને પક્ષોની દલીલો ગમે છે. પરંતુ, મને અમેરિકામાં આવતા ખૂબ જ સક્ષમ લોકો પણ ગમે છે. ભલે એ લોકોને તાલીમ આપીને મદદ કરવી પડે. હું માત્ર એન્જિનિયરોની વાત નથી કરતો. હું દરેક સ્તરના લોકો વિશે વાત કરું છું. ઓરેકલ સીઈઓ લેરી એલિસન, સોફ્ટબેંકના સીઈઓ માસાયોશી સોન અને ઓપન એઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેન સાથે વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતી વખતે તેમણે આ ટિપ્પણી કરી હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પ તેમના સમર્થકો વચ્ચે એચ-૧બી વિઝા પર ચાલી રહેલી ચર્ચા અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

# અમરેલી લેટરકાંડ : ત્રણેય આરોપીઓને હાઈકોર્ટમાંથી જામીન મળ્યા

અમરેલી,તા.૨૩

તા. ૨૭-૧૨-૨૦૨૪ના રોજ કોઈ અજાણી વ્યક્તિઓએ અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરિયામાં નામનો બનાવટી લેટરપેડ કપટપૂર્વક બનાવ્યો હતો, જેમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાના ઈરાદે લેટરપેડમાં કૌશિકભાઈ વેકરીયા પર આક્ષેપો કર્યા હતા અને એ લેટર પ્રદેશ ભાજપ મહામંત્રી રત્નાકરને સંબોધી વાઈરલ થતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો. પ્રથમ તારીખ ૨૭-૧૨-૨૦૨૪ અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરિયાએ ફરિયાદ આપતાં તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરતાં ૪ વ્યક્તિની ધરપકડ કરી હતી, જેમાં મુખ્ય આરોપી પૂર્વ યુવા ભાજપ પ્રમુખ મનીષ ચતુરભાઈ વઘાસીયા, પાયલ અશ્વિનભાઈ ગોટી, જશવંતગઢ સરપંચ અશોક કનુભાઈ માંગરોળીયા અને જિતુભાઈ બાવચંદભાઈ ખાતરાની ધરપકડ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. એમાં મુખ્ય આરોપી મનીષ વઘાસીયા પાસેથી પોલીસને ૧૦ જેટલા કોરા લેટરપેડ પણ મળ્યા હતા. તેની પાસેથી ગ્રામપંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યોના લેટરપેડ પણ કબજે લેવામાં આવ્યા હતા. જો કે પાયલ ગોટીને બે દિવસ બાદ જ જેલમુક્ત કરવામાં આવી હતી. જ્યારે આરોપી મનીષ વઘાસીયા, અશોક માંગરોળીયા અને જીતુભાઈ ખાતરાને જેલહવાલે કરવામાં આવ્યા હતા. ત્રણેય આરોપીઓએ જામીન પર મુક્ત થવા માટે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેમાં હાઈકોર્ટ દ્વારા ત્રણેય લોકોનો જામીન પર છુટકારો કરવામાં આવ્યો હતો.

**સરકાર વ્હાલી દીકરી યોજનામાં રૂા.૪ હજારથી ૧ લાખની સહાય આપે છે**

# છેલ્લાં ૧૦ વર્ષમાં રાજ્યમાં દીકરીઓના નામાંકનમાં ૩૩ ટકાનો નોંધાયો વધારો

અમદાવાદ,તા.૨૩

સરકારના અવિરત પ્રયત્નો થકી છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં દીકરીઓના નામાંકન દરમાં ૩૩ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. કન્યાઓનો નામાંકન દર વર્ષ ૨૦૦૨-૦૩માં ૬૬.૮૩% હતો, જે વધીને વર્ષ ૨૦૨૨-૨૩માં ૯૯.૮૧% થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં તથા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાના નેતૃત્વમાં ગુજરાત સરકાર દીકરીઓના શિક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવા સતત પ્રયત્નશીલ છે. દીકરીઓ તથા તેમના પરિવારનું કાઉન્સેલીંગ કરીને તેમને ફરીથી શાળાએ જવા પ્રેરીત કરતી એક સફળતાની વાત કરીએ તો, મહેસાણા જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ



હબ ફોર એમ્પાવર્મેન્ટ ઓફ વિમેન યોજનાના જેન્ડર સ્પેશ્યાલિટ દ્વારા વિજાપુર તાલુકામાં વડાસણ ગામમાં શાળાએ ના જતી અમુક દીકરીઓ ધ્યાને આવી હતી. રાજ્યમાં દીકરીઓના જન્મનું પ્રમાણ વધે, દીકરીના શિક્ષણમાં વધારો થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા વ્હાલી દીકરી યોજના અમલમાં મૂકી આ યોજના થકી દીકરીઓને જન્મથી ૧૮ વર્ષ સુધીમાં રૂ. ૪ હજાર થી ૧ લાખ સુધીની સહાય પણ આપવામાં આવે છે.

**પ્રાથમિક તપાસમાં ઘર કંકાસને કારણે આપઘાત કર્યો હોવાનું તારણ**

# રાજકોટ શહેરમાં સિનર્જી હોસ્પિટલના એનેસ્થેસિયોલોજિસ્ટ તબીબનો આપઘાત

રાજકોટ,તા.૨૩



રાજકોટમાં વધુ એક આપઘાતની ઘટના સામે આવી છે. રાજકોટની સિનર્જી હોસ્પિટલના એનેસ્થોસિયોલોજિસ્ટે આત્મહત્યા કરી છે. કાલાવડ રોડ પર સ્પીડવેલ ચોક નજીક આવેલ સુવર્ણ ભૂમિ એપાર્ટમેન્ટમાં રહેતા જય પટેલે એનેસ્થેસિયાનો ઓવરડોઝ લઈને આત્મહત્યા કરી લીધી હતી. બનાવની જાણ થતાં તાલુકા પોલીસ મથકના સ્ટાફે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં ઘર કંકાસથી કંટાળી તબીબે આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. ડોક્ટર જય પટેલના માતા-પિતા તીર્થ યાત્રામાં ગયા છે અને ડો.જય પટેલ આજે સવારથી ઘરે હતા. તેમણે સ્યુસાઈડ નોટમાં લખ્યું હતું કે, આ બનાવની પહેલી જાણ માતા-પિતાને નહીં પણ જીજાજીને કરજો. પોલીસે સ્યુસાઈડ નોટ કબ્જે કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં એન્જીયોપ્લાસ્ટી કરાવનાર દર્દીનું મોત

અમદાવાદ, તા. ૨૩




અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ વધુ એક નવા વિવાદમાં આવી છે. જેમાં વધુ એક દર્દીનું એન્જીયોપ્લાસ્ટી કરાયાના થોડા કલાકોમાં જ મૃત્યુ નિપજતા નવા સવાલ ઉભા થવા લાગ્યા છે. સરકારી યોજનાના નાણા હજમ કરવાના વિવાદમાં સપડાયેલી ખ્યાતિ હોસ્પિટલના ડાયરેકટરો તો જેલવાસ ભોગવી જ રહ્યા છે તેવા સમયે હોસ્પિટલમાં મહેસાણાના બોરીસણા ગામના ૭૨ વર્ષીય દર્દીને દાખલ કરવામાં આવ્યા હતા. તેમની એન્જીયોપ્લાસ્ટી કરવામાં આવ્યા બાદ થોડા કલાકોમાં જ તબીયત ખરાબ થઈ હતી અને મોડી રાત્રે મૃત્યુ નિપજયું હતું.

# ગુજરાતમાં હિન્દુ નામોની આડમાં ચાલતી હોટલ પર એસ.ટી.બસ ઉભી રાખવા પર રોક

અમદાવાદ,તા.૨૩

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમે હિન્દુ નામોની આડમાં ચલાવવામાં આવતી કેટલીક હોટલોના લાઈસન્સ રદ કર્યા છે. અહેવાલો અનુસાર, આ હોટલોનું નામ કાં તો હિન્દુ હતું અથવા તેમને ચલાવવા માટે કોઈ હિન્દુ માલિકના નામનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. હવે રાજ્ય પરિવહન નિગમ એટલે કે જીએસઆરટીસીની બસો આ હોટલો પર રોકાશે નહીં. તમને



જણાવી દઈએ કે છેલ્લા એક વર્ષમાં, જીએસઆરટીસીએ એવી હોટલોની યાદી તૈયાર કરી હતી જેમાં હિન્દુ નામોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, અથવા કેટલાક કિસ્સાઓમાં હોટલ માલિક તરીકે હિન્દુ નામ હતું પરંતુ તે મુસ્લિમ સમુદાયના લોકો દ્વારા ચલાવવામાં આવી રહી હતી.

હોટલોમાં પારદર્શિતા અને યોગ્ય સંચાલન માટે આ પગલું લેવામાં આવ્યું હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જે હોટલોના રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યા છે તેમાં વડોદરા ડિવિઝનમાં અમદાવાદ-સુરત રોડ પર આવેલી સ્વાજી ઈન, હોટેલ વિશાલ, હોટેલ બસેરા અને હોટેલ સતીમાતાનો સમાવેશ થાય છે.

# અમદાવાદમાં હિન્દુ આધ્યાત્મિક મેળાને ખુલ્લો મુકતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

અમદાવાદ,તા.૨૩

ઉત્તરાયણ સમયે ત્રણ દિવસ ગુજરાતની મુલાકાતે આવ્યા બાદ અમિત શાહ ફરી ગુજરાતમાં છે. ૨૩ જાન્યુઆરીએ અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે ભવ્ય હિન્દુ આધ્યાત્મિક મેળાને ખુલ્લો મૂક્યો હતો. જ્યાં તેમણે કહ્યું હતું કે, હિન્દુ બોલવું મનમાં હોય તો પણ મનમાં રાખતા હતા જીભ સુધી નહોતું આવતું, હવે ગર્વથી કહી શકીએ છીએ. તો બીજી બાજુ RSSના સર કાર્યવાહ ભૈયાજી જોશીએ કહ્યું કે, ધર્મની વાત આવે ત્યારે સત્ય અને ન્યાયની વાત



છે. ધર્મની રક્ષા કરવા અધર્મ કહેવાય એવું પણ કરવું પડે છે. આ પ્રેરણા દેવાનો કાર્યક્રમ છે. ભારત અલગ વિચારોનો દેશ છે. કોઈ નેતા નહિ પરંતુ ભારત વિશ્વ ગુરુ બનશે. હિન્દુ આધ્યાત્મિક મેળાનો પ્રારંભ કરાવ્યા બાદ ગૃહ મંત્રી અમિત શાહ સુરતમાં ડુમસ રોડ પર આવેલી મહાવીર હોસ્પિટલમાં નવનિર્મિત સેનેટોરિયમના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમ બાદ ફરી અમિત શાહ અમદાવાદ આવશે અને આજના કાર્યક્રમોમાં હાજરી સાથે રાણીપમાં એક જાહેરસભાને પણ સંબોધશે.

# અમરેલી સહિત રાજ્યમાં ઠંડી વધવાની આગાહી કરતું હવામાન વિભાગ

**લઘુત્તમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી સુધી ઘટવાની શક્યતા**

અમદાવાદ,તા.૨૩

રાજ્યના હવામાનમાં ફરી એકવાર પલટો આવવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં ઠંડીનું જોર વધશે. લઘુત્તમ તાપમાનમાં ૨



થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. ગુજરાતના હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે રાજ્યમાં ઠંડીનો વધુ પ્રચંડ રાઉન્ડ શરૂ થવાનો છે. આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં ઠંડીનો પ્રભાવ વધે તેવી શકયતા છે, અને લઘુત્તમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી સુધી ઘટી શકે છે. રાજસ્થાનમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાને કારણે ગુજરાતમાં અસર થવાની શક્યતા છે. નલિયામાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે અમદાવાદમાં ૧૪ થી ૧૫ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૩ થી ૧૪ ડિગ્રી તાપમાન રહેવાની આગાહી કરવામાં આવી છે.

# ગીર સોમનાથના વેરાવળમાં વિધર્મી યુવકે નામ બદલીને યુવતી સાથે આચર્યું દુષ્કર્મ

ગીર સોમનાથ,તા.૨૩

ગીર સોમનાથના વેરાવળમાં લવ જેહાદનો એક કિસ્સો સામે આવ્યો છે, જેમાં યુવતીએ આરોપ લગાવ્યો છે કે એક વિધર્મીએ તેને પ્રેમજાળમાં ફસાવીને તેના પર દુષ્કર્મ ગુજાર્યું હતું. જેથી પીડિતાએ પાટણ પોલીસનો સંપર્ક કરી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં યુવતીને અલગ અલગ જગ્યાએ લઈ જઈને વિધર્મીએ બળાત્કાર ગુજાર્યો હતો, પરંતુ પાછળથી તેને ખબર પડી કે તે વ્યક્તિ વિધર્મી છે અને પરિણીત છે, તેથી તેણે પ્રભાસ પાટણ પોલીસનો સંપર્ક કર્યો હતો. તેમજ સમગ્ર મામલા અંગે ફરિયાદ નોંધાવી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આરોપી અમર જીકાણી વિરુદ્ધ અનેક ગુના નોંધાયા છે અને પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આરોપી દ્વારા છોકરી પર અત્યાચાર ગુજારવામાં આવ્યો છે. જો તેને છોડી દેવામાં આવશે તો આરોપી પણ ભાગી જશે, તેથી પોલીસે તેને શોધવા માટે અલગ અલગ ટીમો બનાવી છે.

# સુરતના નાનપુરામાં ૧૩ વર્ષના ભાઈએ ૧ વર્ષની બહેનની કરી કરપીણ હત્યા

(એચ.એસ.એલ),સુરત,તા.૨૩

સુરતમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં ૧૩ વર્ષના ભાઈએ તેની એક વર્ષની બહેનની હત્યા કરી નાખી છે. સુરતમાં સતત રડી રહેલી બહેનનું ૧૩ વર્ષના ભાઈએ ઓશીકાથી મોઢું દબાવી દીધું હતું. મોઢું દબાવવા છતાં બહેન રડતાં ગળું દબાવી હત્યા કરી નાખી હતી. ત્યારબાદ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મોટો ઘટસ્ફોટ થયો છે, જેમાં ગૂંગળામણથી મોત થયાનું સામે આવ્યું છે. પરિવારે પૂછપરછ કરતા ભાઈએ જ હત્યા કર્યાનો ખુલાસો થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.



આ ચોંકાવનારી ઘટના સુરતના નાનપુરા વિસ્તારની છે. જ્યાં એક ૧૩ વર્ષના ભાઈએ પોતાની ૧ વર્ષની બહેનની હત્યા કરી દીધી છે. હત્યાનું કારણ એ જ હતું કે બહેન સતત રડી રહી હતી. ૧૩ વર્ષના ભાઈ પાસે તેની બહેન હતી, અને બહેન સતત રડી રહી હતી. ત્યારે બહેનના રડવાથી કંટાળેલા ભાઈએ પહેલા પોતાની જ બહેનનું ઓશીકાથી મોઢું દબાવ્યું, છતાં બહેન રડી રહી હતી. ત્યારે છેલ્લે ૧૩ વર્ષના બાળકે બહેનનું ગળું દબાવી દીધું હતું. તબીબોએ બાળકીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કર્યુ ત્યારે સામે આવ્યું કે ગુંગળામણથી મોત છે. પરિવારે ૧૩ વર્ષના ભાઈને પૂછપરછ કરી તો ભાઈએ આ મોટો ખુલાસો કર્યો કે બહેન સતત રડતી હોવાથી તેણે ગળું દબાવીને પોતાની જ ૧ વર્ષની બહેનને મોતના ઘાટ ઉતારી દીધી હતી.

# પંચાયતની ચૂંટણીને લઈ GPSCની પરીક્ષામાં ફેરફાર

અમદાવાદ,તા.૨૩



GPSCની પરીક્ષા માટે તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. ૧૬મી ફેબુઆરીએ પંચાયતનું મતદાન હોવાને પગલે GPSCની પરીક્ષા નહીં યોજાય. તે દિવસની પરીક્ષા માટે નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ના ચેરમેન હસમુખ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર માહિતી આપતાં જણાવ્યું હતું કે, ૧૬મી ફેબ્રુઆરીએ પંચાયતની ચૂંટણીનું મતદાન હોવાથી GPSCની પરીક્ષા યોજાશે નહીં. તે દિવસની પરીક્ષા માટે નવી તારીખ ટૂંક સમય જાહેર કરવામાં આવશે.







